# સમય સંદેશ

સમય તમારો, સંદેશ અમારો...

જેઠ સુદ - ૦૯ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૦૩ ● તારીખઃ ૨૩.૦૬.૨૦૨૬, મંગળવાર ● પાનાઃ૪ ● કિંમત રૂ. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060



**સમય સંદેશ**

પ્રોપટી લે-વેચ, પ્રોડક્ટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે


**સમય સંદેશ કાર્યાલય**

૩૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦


**આજનો સુવિચાર**

સખત મહેનત કરો, ધીરજ રાખો પરિણામ સમય જતાં મળે છે, રાતોરાત કઈ નહિ મળે, તમારો સમય જરૂર આવશે!







ઉત્તર પ્રદેશના લખનૌના અલીગંજના પુરાનિયા વિસ્તારમાં એક ઈમારતના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી પેટ શોપ અને ઉપરના માળે કાર્યરત ગેમિંગ ઝોનમાં લાગેલી ભીષણ આગમાં ૨૦ થી ૨૪ વર્ષની વયના ૧૫ લોકોના મોત થવાની પુષ્ટિ થઈ છે. ઘટના અંગે વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ સ્પષ્ટતા કરી હતી કે શરૂઆતના અહેવાલોથી વિપરીત ઈમારતમાં કોઈ કોચિંગ સેન્ટર કે લાઈબ્રેરી નહોતી, પરંતુ ગેમિંગ ઝોનમાં કર્મચારીઓ સોફ્ટવેર પર કામ કરતા હતા. આગ લાગતા લોકોમાં ભારે ગભરાટ ફેલાયો હતો અને જીવ બચાવવા માટે એક વ્યક્તિ ઈમારત પરથી કૂદી પડતા તેને હોસ્પિટલ ખસેડાયો હતો, જ્યારે બાથરૂમમાં ફસાયેલા અન્ય લોકોને ફાયર, પોલીસ અને સ્થાનિકોની મદદથી સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. હાલમાં ફાયર ફાઈટરો દ્વારા આગ પર કાબૂ મેળવ્યા બાદ કુલિંગ કામગીરી ચાલી રહી છે, આ ઘટનાથી સુરતનો તક્ષશીલાકાંડ પુનઃ લોકોના મન પર અંકિત થયો છે, યાદ આવ્યો છે.

# લખનઉમાં એનિમેશન સેન્ટરમાં ભીષણ આગ, ૧૫ વિદ્યાર્થીના મોતથી હાહાકાર

## કેટલાક જીવ બચાવવા ઉપરથી કૂદી પડ્યાંઃ સુરતના તક્ષશીલા જેવો અગ્નિકાંડ પુન તાજો થયો

**સમય સંદેશઃ લખનૌ**

ઉત્તર પ્રદેશના લખનૌના અલીગંજના પુરાનિયા વિસ્તારમાં એક ઈમારતમાં લાગેલી ભીષણ આગમાં અત્યાર સુધીમાં ૧૫ લોકોના મોત થયાની પુષ્ટિ થઈ છે. તમામ મૃતકોની ઉંમર ૨૦ થી ૨૪ વર્ષની વચ્ચે હોવાનું જાણવા મળ્યું છે. ગ્રાઉન્ડ ફ્લોર પર પેટ શોપ અને ઉપરના માળે ગેમિંગ ઝોનમાં લાગેલી આગને કારણે વિસ્તારમાં અફરા-તફરી મચી ગઇ છે. બચાવ અને રાહત પ્રયાસો બાદ પરિસ્થિતિ નિયંત્રણમાં છે. પીએમ અને મુખ્યમંત્રીએ શોક વ્યક્ત કર્યો અને સહાયની જાહેરાત કરવામાં આવી છે.

ઘટનાના પ્રારંભિક અહેવાલોમાં કોચિંગ સેન્ટર અને લાઈબ્રેરીનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, પરંતુ વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ સ્પષ્ટતા કરી હતી કે ઈમારતમાં કોઈ કોચિંગ સેન્ટર કે લાઈબ્રેરી કાર્યરત નહોતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર ગ્રાઉન્ડ ફ્લોર પર એક પેટ શોપની દુકાન હતી, જ્યારે ઉપરના માળે એક ગેમિંગ ઝોન કાર્યરત હતો, જ્યાં કર્મચારીઓ ગેમિંગ સોફ્ટવેર પર કામ કરતા હતા.

આગ લાગ્યા પછી ઉપરના માળે રહેતા લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો. કેટલાક લોકો બાથરૂમમાં ફસાયેલા હોવાના અથવા બંધ હોવાના અહેવાલો બહાર આવ્યા હતા, પરંતુ બાદમાં બચાવ અને રાહત કામગીરી દરમિયાન દરેકને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. માહિતી મળતાં જ ફાયર અને પોલીસ ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી, અને સ્થાનિક રહેવાસીઓએ પણ બચાવ કામગીરીમાં મદદ કરી હતી. આગની ભયાનક સ્થિતિ જોઈને ઘણા લોકો બાલ્કની અને ઈમારતના અન્ય ભાગોનો ઉપયોગ કરીને બચવા માટે જતા જોવા મળ્યા. એક વ્યક્તિએ પોતાનો જીવ બચાવવા માટે ઇમારત પરથી કૂદી પડ્યો અને તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

ફાયર ફાઈટરોએ ઘણી મહેનત પછી આગ પર કાબુ મેળવ્યો છે. આગ ફરી ભડકે નહીં તે માટે હાલમાં કુલિંગ કામગીરી ચાલી રહી છે. ઘટનાની માહિતી મળતાં, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ બાબતની નોંધ લીધી અને અધિકારીઓને તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી રાહત અને બચાવ કામગીરી ઝડપી બનાવવાનો નિર્દેશ આપ્યો. તેમણે વહીવટીતંત્રને ઘાયલોની યોગ્ય સારવાર સુનિશ્ચિત કરવા અને સતર્ક રહેવાનો પણ નિર્દેશ આપ્યો. નાયબ મુખ્યમંત્રી બ્રજેશ પાઠકે

અનુ પાના નં.૨ પર

# પ્રશાસક પ્રફુલ્લ પટેલના પત્ની ભાવનાબેનનું નિધન

## હિંમતનગરમાં અંતિમવિધિમાં CM-ડેપ્યુટી CM સહિતના નેતાઓ જોડાયા, વડાપ્રધાને X પર વ્યક્ત કર્યો ઊંડો શોક





**સમય સંદેશઃ ગાંધીનગર**

સંઘ પ્રદેશ દીવ-દમણ અને દાદરા-નગર હવેલીના પ્રશાસક પ્રફુલભાઈ પટેલના ધર્મપત્ની ભાવનાબેન પટેલનું નિધન થતાં રાજકીય અને સામાજિક વર્તુળોમાં ભારે શોકની લાગણી વ્યાપી ગઈ છે. પત્નીના અવસાનથી પ્રફુલભાઈ પટેલ ભાંગી પડ્યા હતા અને અંતિમવિધિની તૈયારીઓ સમયે સ્વજનોને ગળે મળીને રડી પડ્યા હતા. ભાવનાબેનની અંતિમવિધિ સાબરકાંઠાના હિંમતનગર ખાતે કરવામાં આવી હતી. જેમાં ગુજરાતના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ દુઃખની ઘડીમાં પટેલ પરિવારને સાંત્વના આપવા માટે પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને ભરત પંડ્યા સહિતના દિગ્ગજ રાજકીય નેતાઓ, સગા-સંબંધીઓ તેમજ દીવ-દમણ અને દાદરા નગર હવેલીના ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ મોટી સંખ્યામાં હિંમતનગર આવી પહોંચ્યા હતા.

ભાવનાબેન પટેલના અવસાન પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી હતી. વડાપ્રધાને ભાવનાબેનના નિધન પર સંવેદના પાઠવતા લખ્યું કે, સંઘ પ્રદેશના પ્રશાસક પ્રફુલભાઈ પટેલના ધર્મપત્ની ભાવનાબેન પટેલના અવસાનના સમાચારથી અત્યંત દુઃખ થયું છે.

આ પરિવાર સાથે તેમનો વર્ષો જૂનો નિકટનો પરિચય અને ઘનિષ્ઠ સંબંધ રહ્યો છે. વડાપ્રધાને પરમાત્મા સ્વર્ગસ્થ આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના કરી હૃદયપૂર્વક પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. પત્નીના અવસાનથી સમગ્ર પટેલ પરિવાર શોકમગ્ન બન્યો છે અને દેશભરના રાજકીય આગેવાનો અને શુભેચ્છકો દ્વારા તેમને સાંત્વના સંદેશા મળી રહ્યા છે. પ્રફુલભાઈ પટેલની ગણતરી વડાપ્રધાન

અનુ પાના નં.૨ પર

# મુસ્લિમોની સ્થિતિ અંગે ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ આક્રમક મૂડમાં

## દેશભરમાં રાષ્ટ્રવ્યાપી આંદોલન શરૂ કરવાની મોટી જાહેરાતઃ સમુદાયના સામાજિક અને રાજકીય હાંસિયામાં ધકેલાવા સામે બોર્ડ ટૂંક સમયમાં લાવશે વ્યાપક 'શ્વેતપત્ર'


**સમય સંદેશઃ નવીદિલ્હી**

દેશમાં મુસ્લિમ સમુદાયના અધિકારો અને કાયદાકીય બાબતોનું પ્રતિનિધિત્વ કરતી ટોચની સંસ્થા 'ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ' (AIMPLB) દ્વારા એક બહુ મોટો અને મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. સોમવારે બોર્ડ દ્વારા સત્તાવાર રીતે જાહેરાત કરવામાં આવી છે કે, તેઓ દેશમાં મુસ્લિમોની ''બગડતી સ્થિતિ'' અને તેમના સામાજિક તેમજ રાજકીય હાંસિયામાં ધકેલવાની પ્રવૃત્તિઓ સામે ટૂંક સમયમાં જ સમગ્ર દેશમાં એક વ્યાપક અને મોટું રાષ્ટ્રવ્યાપી આંદોલન શરૂ કરવા જઈ રહ્યા છે.

આ આંદોલનની રૂપરેખા તૈયાર કરવા માટે રવિવારે ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડની હાઈ-પ્રોફાઈલ કારોબારી સમિતિની એક મહત્વની બેઠક મળી હતી. આ બેઠકના બીજા દિવસે બોર્ડના વરિષ્ઠ સભ્ય એસ.ક્યુ.આર. ઈલ્યાસે મીડિયાને વિગતો આપતા જણાવ્યું કે, બોર્ડ દ્વારા દેશભરમાં સમુદાયની વર્તમાન સ્થિતિ, તેમના અધિકારો અને પડકારોને ઉજાગર કરતો એક અત્યંત વિગતવાર અને વ્યાપક દસ્તાવેજ (શ્વેતપત્ર) ટૂંક સમયમાં જ જાહેર જનતા સમક્ષ રજૂ કરવામાં આવશે. આ દસ્તાવેજના આધારે જ આગામી સમયમાં દેશના ખૂણે-ખૂણે જનજાગૃતિ અભિયાન અને શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શનોનું આયોજન

અનુ પાના નં.૨ પર

# બ્રિટિશ પીએમ કીર સ્ટાર્મરની રાજીનામાની જાહેરાત



**સમય સંદેશઃ ડેસ્ક**

બ્રિટિશ રાજકારણમાં મોટી ઉથલપાથલ થઈ છે. શાસક લેબર પાર્ટીના ૧૦૦ થી વધુ સાંસદોની નારાજગી બાદ, કીર સ્ટાર્મરના વડા પ્રધાન તરીકે ચાલુ રહેવા અંગે શંકાઓ ઉભી થઈ હતી. છેલ્લા કેટલાક દિવસોથી એવી વ્યાપક ચર્ચા ચાલી રહી હતી કે તેઓ રાજીનામું આપી શકે છે. હવે, સ્ટાર્મરે રાજીનામાની જાહેરાત કરી છે. કીર સ્ટાર્મરે સોમવારે એક પ્રેસ કોન્ફરન્સમાં રાજીનામાની જાહેરાત કરી.

કીર સ્ટાર્મરે એમ પણ કહ્યું કે તેઓ વડા પ્રધાન તેમજ લેબર પાર્ટીના નેતા તરીકે રાજીનામું આપશે. સ્ટાર્મરે એમ પણ કહ્યું કે તેઓ નવા વડા પ્રધાનને સંપૂર્ણ સમર્થન અને સહયોગ આપવાનું ચાલુ રાખશે. કીઝ સ્ટાર્મરના રાજીનામાની જાહેરાત સાથે, હવે એ વાત નિદ્ધતિ થઈ ગઈ છે કે લેબર પાર્ટી આગામી સંસદીય ચૂંટણીઓ નવા ચહેરા સાથે લડશે.

# અગ્નિવીરો માટે ગુજરાત સરકારનો મોટો નિર્ણય

## વર્ગ-૩ની ભરતીમાં ૨૦ ટકા અનામત સાથે વય મર્યાદા અને ફિઝિકલ ટેસ્ટમાં અપાશે મોટી છૂટછાટ

**સમય સંદેશઃ નવીદિલ્હી**

ગુજરાત સરકાર દ્વારા દેશના પૂર્વ અગ્નિવીરો માટે એક અત્યંત મહત્વપૂર્ણ અને કલ્યાણકારી નિર્ણય લેવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સત્તાવાર જાહેરાત કરતાં જણાવ્યું છે કે, રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં થતી વર્ગ-૩ સંવર્ગની સીધી ભરતીઓમાં પૂર્વ અગ્નિવીરોને ૨૦ ટકા અનામત (રિઝર્વેશન) આપવામાં આવશે.

સરકારના આ ઐતિહાસિક નિર્ણય પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય દેશ સેવામાં પોતાનું યોગદાન આપી ચૂકેલા યુવાનોનું ભવિષ્ય વધુ સુરક્ષિત બનાવવાનો છે. સેનાની નિવૃત્તિ બાદ આ અગ્નિવીરોને રાજ્ય સરકારમાં રોજગારીની ઉત્કૃષ્ટ અને સન્માનજનક તકો પ્રાપ્ત થાય તે માટે આ નવો નિયમ લાગુ કરવામાં આવ્યો છે.

આ નિર્ણય અંતર્ગત પૂર્વ અગ્નિવીરોને વહીવટી પ્રક્રિયામાં મોટી રાહત આપતા કેટલાક મહત્વના દિશાનિર્દેશો પણ જાહેર કરવામાં આવ્યા છે. જે મુજબ, પૂર્વ અગ્નિવીરોને આવી સરકારી ભરતીઓ માટે લેવાતી શારીરિક ક્ષમતા કસોટી (ફિઝિકલ ટેસ્ટ) માંથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવી છે.

આ ઉપરાંત, વય મર્યાદામાં પણ મોટી છૂટછાટ જાહેર કરાઈ છે, જેમાં સામાન્ય રીતે પૂર્વ અગ્નિવીરોને નિયત ઉપલી વય મર્યાદામાં ૩ વર્ષ સુધીની છૂટ મળવાપાત્ર રહેશે. વળી, સરકારે વધુ ઉદારતા દાખવીને અગ્નિવીર સ્કીમની સૌથી પ્રથમ બેચના સભ્યો માટે ઉપલી વય મર્યાદામાં ૫ વર્ષ સુધીની વિશેષ મુક્તિ આપવાનો નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીના આ નિર્ણયનો સીધો લાભ રાજ્યના ગૃહ વિભાગ, જેલ વિભાગ અને વન વિભાગની જુદી જુદી સીધી ભરતીઓમાં ૨૦ ટકા અનામત તરીકે ઉપલબ્ધ થશે. જેમાં પોલીસ

અનુ પાના નં.૨ પર

# રિલાયન્સ ADA ગ્રુપ કૌભાંડમાં CBIની મોટી કાર્યવાહી, બે પૂર્વ CEOની ધરપકડ

**સમય સંદેશઃ નવીદિલ્હી**

રિલાયન્સ ADA ગ્રુપ સાથે જોડાયેલા કરોડો રૂપિયાના બેંક ફ્રોડ મામલે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશનએ એક મોટી કાર્યવાહી કરી છે. સીબીઆઈએ રિલાયન્સ કોમર્શિયલ ફાઇનાન્સ લિમિટેડના પૂર્વ સીઈઓ દેવાંગ મોદી અને રિલાયન્સ હોમ ફાઇનાન્સ લિમિટેડના પૂર્વ સીઈઓ રવિન્દ્ર સુધલકરની ધરપકડ કરી છે. આ બંને કંપનીઓ દ્વારા જાહેર ક્ષેત્રની બેંકોને કુલ ૭,૬૨૩ કરોડ રૂપિયાનું મોટું નુકસાન પહોંચાડવામાં આવ્યું હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. કંપનીઓ દ્વારા કરાયેલા નુકસાનની વાત કરીએ તો, RCFL કેસમાં આરોપીઓએ ૧૩ જાહેર ક્ષેત્રની બેંકોને કુલ ૪,૦૯૭ કરોડ રૂપિયાનું નુકસાન પહોંચાડ્યું છે, જ્યારે બીજી તરફ છઇંત્રક્ર કેસમાં ૧૦ જાહેર ક્ષેત્રની બેંકોને ૩,૫૨૬ કરોડ રૂપિયાનું નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે.

CBIની તપાસ મુજબ, દેવાંગ મોદી (એપ્રિલ ૨૦૧૭ થી ડિસેમ્બર ૨૦૧૮) અને રવિન્દ્ર સુધલકર (ઓક્ટોબર ૨૦૧૬ થી માર્ચ ૨૦૨૨) પોતપોતાની કંપનીઓમાં મુખ્ય નિર્ણય લેનારા અધિકારીઓ હતા. આ બંનેએ RBI અને નેશનલ હાઉસિંગ બેંકની માર્ગદર્શિકા તેમજ બેંકોની ધિરાણ શરતોનું ઉલ્લંઘન કરીને કેટલીક મધ્યવર્તી કંપનીઓને લોન મંજૂર કરી હતી. ત્યારબાદ, આ ફંડને રિલાયન્સ કેપિટલ, રિલાયન્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને રિલાયન્સ પાવર જેવી અનિલ અંબાણી ગ્રુપની કંપનીઓ તરફ વાળી દેવામાં આવ્યું હતું.

# જામનગરમાં સીટી બસ-ટ્રેક્ટર વચ્ચે ટક્કરઃ વિદ્યાર્થિની ઈજાગ્રસ્ત, બસનો કાચ ફૂટ્યો, મહાપ્રભુજીની બેઠક પાસે સર્જાયો અકસ્માત




તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં મહાપ્રભુજીની બેઠક પાસે ગઈકાલે એક સીટી બસ અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માત થયો હતો. આ ઘટનામાં સીટી બસમાં સવાર સજુબા સ્કૂલની એક વિદ્યાર્થિનીને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. અકસ્માતમાં બસના આગળના ભાગને નુકસાન થયું હતું અને તેનો મુખ્ય કાચ તૂટી ગયો હતો.

અકસ્માત બાદ ઘટનાસ્થળે લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત વિદ્યાર્થિનીને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. ૧૦૮ની ટીમે સ્થળ પર પ્રાથમિક સારવાર આપી હતી.

સીટી બસના આગળના ભાગને નોંધપાત્ર નુકસાન થયું હતું અને તેનો મુખ્ય કાચ સંપૂર્ણપણે તૂટી ગયો હતો.

# પશ્ચિમ બંગાળમાં ભાજપ સરકારનું ૪.૩૮ લાખ કરોડનું ઐતિહાસિક બજેટ

## સીએમ શુભેન્દુ અધિકારી બોલ્યા- ''હવે વિપક્ષ પાસે બોલવા માટે કંઈ બાકી નથી રહ્યું!''

**સમય સંદેશઃ કૉલકાતા**

પશ્ચિમ બંગાળમાં નવી દિલ્હીની તર્જ પર ભાજપ સરકાર દ્વારા પોતાનું પ્રથમ અને અત્યાર સુધીનું સૌથી ક્રાંતિકારી નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ નું બજેટ વિધાનસભામાં રજૂ કરવામાં આવ્યું છે. નાણામંત્રી સ્વપન દાસગુપ્તા દ્વારા રજૂ કરાયેલા કુલ ૪,૩૮,૭૭૫.૨૯ કરોડના આ ઐતિહાસિક બજેટની ચોતરફ પ્રશંસા થઈ રહી છે. બજેટ બાદ યોજાયેલી પત્રકાર પરિષદમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીએ આ બજેટને રાજ્યની ખોવાયેલી સંસ્કૃતિ, ગૌરવ અને અર્થતંત્રને પુનઃસ્થાપિત કરવાનો એક ભગીરથ પ્રયાસ ગણાવ્યો હતો. તેમણે વિપક્ષ પર આકરા પ્રહારો કરતા સાફ શબ્દોમાં જણાવ્યું હતું કે, ''નાણામંત્રીએ જે રીતે સર્વગ્રાહી બજેટ રજૂ કર્યું છે, તે જોયા પછી મને નથી લાગતું કે હવે વિપક્ષ પાસે ટીકા કરવા માટે કોઈ મુદ્દો કે શબ્દ બાકી રહ્યો હોય.''

આ બજેટમાં રાજ્યના સરકારી કર્મચારીઓ માટે દિવાળી પહેલા જ મોટી લોટરી લાગી છે. સરકારે મોંઘવારી ભથ્થામાં ૨૦ ટકાનો જંગી વધારો કરવાની જાહેરાત કરી છે, જેને પગલે હવે કુલ ઉઅ વધીને ૩૮ ટકા થઈ જશે. આ નવો વધારો ૧ ઓક્ટોબરથી અમલમાં આવશે. કેન્દ્ર સમાન ડીએ આપવાના વચન અંગે મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, ''અમારી સરકારને થોડો સમય આપો, અમે બાકી રહેલા ૨૨ ટકાના તફાવતને પણ પૂરો કરવા માટે કટિબદ્ધ છીએ.'' આ ઉપરાંત 'અન્નપૂર્ણા યોજના' હેઠળ રાજ્યની મહિલાઓને હવે દર મહિને ૩,૦૦૦ નું આર્થિક ભથ્થું આપવામાં આવશે, જ્યારે ઉચ્ચ શિક્ષણમાં કન્યાઓનો ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા માટે અપરિણીત વિદ્યાર્થીનીઓને ૫૦,૦૦૦ની વન-ટાઇમ સહાય આપવાની જાહેરાત કરાઈ છે.

બજેટમાં બેરોજગાર યુવાનો અને મીડિયા જગત માટે પણ સરકારે તિજોરીના દ્વાર ખોલી દીધા છે. જે અંતર્ગત ૨૧ થી ૪૫ વર્ષની વયના બેરોજગાર સ્નાતકો (ગ્રેજ્યુએટ્સ) ને દર મહિને ૩,૦૦૦ નું ભથ્થું અપાશે, જ્યારે અન્ય બેરોજગારોને ૨,૦૦૦ માસિક આપવામાં આવશે.


## તંત્રી સ્થાનેથી..

### રામ દ્રોહ !

રામ મંદિર અયોધ્યામાં લૂંટફાટ ચાલી રહી છે જેનો ઘટસ્ફોટ થયા પછી હજુ પણ અટકી નથી. કારણ કે સિટ ( સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ)ની રચના થયા પછી પણ કોઈની ધરપકડ થઈ નથી., ધરપકડ ન થાય એની વ્યવસ્થા કરવામાં આવી છે ને એટલે એફઆઈઆર જ નોંધવામાં આવી નથી. ઋઈછ વગર સિટની રચના એ બતાવે છે કે કલ્પના કરવામાં આવે છે એના કરતા બહુ જ મોટા માથાઓએ અહીં વહેતી આવતી લક્ષ્મીગંગા ભેદી ભોંયરુ બનાવીને પોતાના ઘરમાં અહર્નિશ ઠાલવી છે. આ ઘટનાથી ભાજપનું નાક કપાઈ ગયું છે. મંદિરમાં અત્યાર સુધીમાં કેટલા આભૂષણો, નાણાં, સોના-ચાંદી આવ્યા એની કોઈને ખબર નથી. પહેલેથી જ લૂંટફાટની યોજના બનાવેલી હોવાથી આવકની નોંધ જ નથી. કરોડો રૂપિયા ક્યાં ગયા? અદ્યાપિ દસ કરોડ રૂપિયા તો સિક્યોરિટી પર ખર્ચ કરવામાં આવ્યા છતાંય ચોરી થઈ ગઈ. બેન્કના જે અધિકારીઓ આ મંદિરનો હિસાબ રાખે છે તેઓ ખિસ્સા વગરના યુનિફોર્મમાં આવે છે. તો પછી કરોડો રૂપિયા કઈ રીતે ખાલસા થયા? ભગવાન રામ તરફની આસ્થા ધરાવતા દેશના કરોડો લોકોને આ ઘટનાથી બહુ મોટો આઘાત લાગ્યો છે. કેટલાક વીડિયો વાયરલ થયા છે પણ એ અપૂરતા છે. આનો જ્યારે ફાઈનલ ફિગર સામે આવશે ત્યારે એક રેકોર્ડ તાજ્જુબી દેખાશે. આખા દેશમાં ઉધઈની જેમ ફેલાયેલા ભ્રષ્ટાચારની જેમ જ અહીં રીતસર ધાડ પડી છે. રામમંદિરનો હવાલો સંભાળતા સનદી અધિકારી નૃપેન્દ્ર મિશ્રાએ સ્પષ્ટ કહ્યું છે કે મંદિરમાં ચોરી નથી થઈ, ધાડ પડી છે. યે ડાકા હૈ, ચોરી નહિ હૈ. હકીકતમાં તબક્કાવાર બહુ મોટી રકમ સગેવગે થઈ ગઈ છે અને એમાં એવાઊલોકોનો પણ ભાગ હોય જેમણે રામમંદિરમાં દર્શન પણ ન કર્યા હોય. લૂંટારાઓએ આ મંદિરને રિઝર્વ બેન્કના નાસિક ખાતેનું પ્રિન્ટિંગ પ્રેસ જ માની લીધું છે. બેહિસાબ અઢળક આવક નિયમિત રીતે પગ કરતી હોવાના પૂરતા પુરાવા છે.



# હાલારના હાલહવાલ



## ભડકેશ્વર યોગ ગૃપ દ્વારા વિશ્વ યોગ દિવસની અનોખી ઉજવણીઃ પવિત્ર ગોમતી નદીના જળમાં યોગાસનો કરી લોકોને એક અનોખો સંદેશ આપ્યો

**સમય સંદેશઃ દ્વારકા**


આધ્યાત્મિક નગરી દ્વારકામાં પવિત્ર ગોમતી નદીના જળમાં ભડકેશ્વર યોગ ગૃપ દ્વારા વિશ્વ યોગ દિવસની વિશિષ્ટ અને પ્રેરણાદાયી ઉજવણી કરવામાં આવી હતી. દર વર્ષની પરંપરા જાળવી આ વર્ષે પણ ગૃપના સભ્યોએ ગોમતી માતાના પાવન જળમાં યોગાસનો કરી લોકોને સ્વાસ્થ્ય અને ફિટનેસનો સુંદર સંદેશ આપ્યો હતો. ભડકેશ્વર યોગ ગૃપના ચેતનભાઈ જીંદાણીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ ખાસ કાર્યક્રમમાં યોગપ્રેમીઓએ પાણીની અંદર વિવિધ યોગ મુદ્રાઓ અને કઠિન આસનો રજૂ કરી યોગના અસીમ મહત્વને ઉજાગર કર્યું હતું.



આ ભવ્ય અને પ્રેરણાદાયી પ્રસંગે ચેતનભાઈ જીંદાણી, જયેશભાઈ કક્કો, બબુભા માણેક, ચેતન પંડ્યા, પ્રેમ જોષી, વિનેભાઈ ડાભી, આનંદ ભટ્ટ સહિતના અગ્રણી સભ્યો જોડાયા હતા. આ સાથે જ મહિલા સાધકોમાં ભાવનાબેન માણેક, માનસી જોષી, રાધિકાબેન દવે અને મિશ્રાબેન દવે સહિતના તમામ યોગસાધકોએ ભારે ઉત્સાહ અને ઉમંગપૂર્વક આ જલ-યોગાભ્યાસમાં ભાગ લીધો હતો.

નોંધનીય છે કે, ભડકેશ્વર યોગ ગૃપ છેલ્લા ૧૨ વર્ષથી સતત પવિત્ર ગોમતી નદીના પ્રવાહમાં આ પ્રકારે અનોખો યોગાભ્યાસ કરી રહ્યું છે. ગૃપ દ્વારા આ અનોખા માધ્યમથી લોકોને નિયમિત યોગ કરવા, શારીરિક તંદુરસ્તી જાળવવા અને માનસિક શાંતિ તરફ પ્રેરિત કરવાનો પ્રશંસનીય પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. પાણીમાં કરવામાં આવતી આ કઠિન યોગસાધનાથી યોગનું એક અદ્ભુત સ્વરૂપ લોકો સમક્ષ રજૂ કરી ગૃપે આ વર્ષના વિશ્વ યોગ દિવસની ઉજવણીને યાદગાર બનાવી દીધી હતી, જેને નિહાળીને ઉપસ્થિત તમામ સ્થાનિકો અને યાત્રિકોએ આ અનોખા પ્રયાસને મુક્તકંઠે બિરદાવ્યો હતો.

## ભારતીય કોસ્ટ ગાર્ડ જહાજ અચલ વાડીનાર પહોંચ્યું









**સમય સંદેશઃ જામનગર**

ભારતીય કોસ્ટ ગાર્ડનું નવું કમિશન થયેલ ફાસ્ટ પેટ્રોલ વેસલ, ICGS અચલ, ૨૨ જૂન ૨૦૨૬ ના રોજ પ્રદેશ (ઉત્તર-પશ્ચિમ) માં તેના બેઝ પોર્ટ પર પહોંચ્યું. આ મહત્વપૂર્ણ પ્રસંગે એક યોગ્ય સ્વાગત સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ICG કર્મચારીઓ અને અન્ય સ્થાનિક મહાનુભાવોએ હાજરી આપી હતી. ૦૯ મે ૨૦૨૬ ના રોજ ગોવામાં કમિશન થયેલ, આ ૫૧ મીટર લાંબો ઋષ્ટ અત્યાધુનિક નેવિગેશન, સંદેશાવ્યવહાર અને દેખરેખ પ્રણાલીઓથી સજ્જ છે, જે સમુદ્રમાં ઝડપી, સતત અને મિશન-આધારિત કામગીરી કરવા સક્ષમ છે. આ વ્યૂહાત્મક રીતે સંવેદનશીલ ક્ષેત્રમાં ICGS અચલનું બેઝિંગ દરિયાઈ સુરક્ષા સ્થાપત્યને નોંધપાત્ર રીતે મજબૂત બનાવે છે અને ભારત સરકાર દ્વારા દરિયાકાંઠાની સુરક્ષા, ખાસ કરીને ગુજરાતની બહાર, પર આપવામાં આવેલા સ્પષ્ટ ધ્યાનને દર્શાવે છે. તેની જમાવટ સતત ICG દેખરેખને વધારશે અને દરિયામાં આકસ્મિક પરિસ્થિતિઓનો ઝડપી પ્રતિભાવ આપવા સક્ષમ બનાવશે. તે દરિયાઈ સરહદો, માછીમારો અને રાષ્ટ્રીય હિતોના મજબૂત રક્ષણ તરફ ICGના પ્રયાસોમાં પણ વધારો કરશે. દળના સ્તરમાં આ વધારો ભારતીય કોસ્ટ ગાર્ડની રાષ્ટ્રના દરિયાઈ ક્ષેત્રનું રક્ષણ કરવા અને ઉત્તર પશ્ચિમ દરિયાઈ ક્ષેત્રમાં સલામત, સુરક્ષિત અને સતર્ક દરિયાકાંઠાના વાતાવરણને જાળવવાની અડગ પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરે છે.

## દ્વારકામાં વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

### દ્વારકા, કલ્યાણપુરમાં દારૂ બિયર સાથે બે શખ્સો ઝડપાયા

**સમય સંદેશઃ દ્વારકા**

દ્વારકાના ટી.વી. સ્ટેશન વિસ્તારમાં રહેતા કાનજી ઉર્ફે કાનો નાનજીભાઈ ગોહેલ નામના ૪૦ વર્ષના શખ્સને તેની સેવરોલેટ કંપનીની મોટરકારમાં રાખેલી રૂપિયા ૧૦,૮૦૦ ની કિંમતની વિદેશી દારૂની ૧૮ બોટલ પોલીસે કબજે કરી હતી. આ પ્રકરણમાં રૂપિયા એક લાખની કિંમતની મોટરસાયકલ, વિદેશી દારૂ અને મોબાઈલ ફોન સહિત રૂ. ૧,૧૫,૮૦૦ નો મુદ્દામાલ પોલીસે કબજે કરી, આરોપી કાનજી ઉર્ફે કાનો ગોહેલ સામે પ્રોહીબિશન એક્ટ હેઠળ કાર્યવાહી કરી હતી.

દ્વારકાના ટીવી સ્ટેશન વિસ્તારમાં રહેતા ચંદ્રેશ નંદકિશોરભાઈ સીમરીયા નામના ૩૧ વર્ષના યુવાનને પોલીસે વિદેશી દારૂની ૩ બોટલ તથા ૧૪ નંગ બિયર મળી કુલ રૂપિયા ૧૦,૩૪૬ ના મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો.

કલ્યાણપુર તાલુકાના ડાંગરવાડ ગામના હજા ઉર્ફે હાથીયા રણમલભાઈ મોઢવાડિયા નામના ૩૨ વર્ષના શખ્સને સ્થાનિક પોલીસે રૂ. ૨,૦૦૦ ની કિંમતના વિદેશી દારૂના ૧૦ ચપલા (બોટલ) સાથે ઝડપી લઇ, પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો.

## કલ્યાણપુરના નંદાણામાં પિતરાઈઓ દ્વારા હુમલો

**સમય સંદેશઃ કલ્યાણપુર**

કલ્યાણપુર તાલુકાના નંદાણા ગામે રહેતા પાલાભાઈ હમીરભાઈ માતંગ નામના ૩૨ વર્ષના યુવાન રવિવારે તેમના ઘરેથી બજારમાં જઈ રહ્યા હતા, ત્યારે તેમના કાકાનો દીકરો રવિ તેમની સામે મળ્યો હતો અને પાલાભાઈને કહ્યું હતું કે આજથી ૧૫ દિવસ પહેલા મને ગાળો કેમ આપતો હતો? તેમ કહી, બિભત્સ ગાળો કાઢી, બોલાચાલી કરી હતી. આટલું જ નહીં, તેમની સાથે ખીમીબેન દેવાભાઈ માતંગ અને મધુબેન દેવાભાઈ માતંગએ પણ ફરિયાદી પાલાભાઈને ઢીકાપાટુનો માર મારી, ઈજાઓ કર્યાની તથા જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનું પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે. જે અંગે કલ્યાણપુર પોલીસે મહિલાઓ સહિત ત્રણેય સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની કાર્યવાહી કરી હતી.

## મીઠાપુરના નાગેશ્વર રોડ પર કારની ઠોકરે રીક્ષા સવાર યાત્રાળુ ઘાયલ

**સમય સંદેશઃ મીઠાપુર**

મીઠાપુર નજીકના નાગેશ્વર રોડ ઉપર એક રીક્ષામાં બેસીને જઈ રહેલા પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના રહીશ અનિરુદ્ધસિંહ ચનાજી ચાવડા (ઉ.વ. ૩૪) તથા તેમના પરિવારજનો રીક્ષામાં ગોપી તળાવથી બેટ દ્વારકા દર્શન કરવા જઈ રહ્યા હતા,

ત્યારે નાગેશ્વર રોડ ઉપરના માર્ગ પર ગફલતભરી રીતે આવી રહેલી જી.જે. ૦૫ જે.એલ. ૯૬૦૨ નંબરના આર્ટિગા મોટરકારના ચાલકે રીક્ષાને સામેથી ટક્કર મારી હતી. જેના કારણે રીક્ષામાં જઈ અનિરુદ્ધસિંહને માથાના ભાગે તથા ગીતાબાને પગમાં ફેકચર તેમજ અન્ય મુસાફરોને પણ નાની-મોટી ઈજાઓ થવા પામી હતી. આ બનાવ અંગે મીઠાપુર પોલીસ આર્ટિગા મોટરકારના ચાલક સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## જામનગરમાં પ્રી-મોન્સુન કામગીરીની પોલ ખુલતા મનપા કમિશનર સ્થળ નિરીક્ષણ માટે પહોંચ્યા



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં માત્ર ૪ મિલીમીટર વરસાદમાં જળબંબાકારની સ્થિતિ સર્જાતા પ્રી-મોન્સુન કામગીરીની પોલ ખુલી ગઈ હતી. ત્યારે હવે જામનગર મહાનગરપાલિકાના કમિશનર દિપેશ કેડીયા ખુદ અધિકારીઓના કાફલા સાથે સ્થળ નિરીક્ષણ માટે મેદાને ઉતર્યા હતા. ચોમાસાની શરૂઆતમાં જ સામાન્ય વરસાદમાં સરકારી કચેરીઓના પટાંગણ સહિત શહેરના અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. આ સ્થિતિએ દર્શાવ્યું કે પ્રી-મોન્સુન કામગીરી માત્ર કાગળ પર જ થઈ હતી.

આ મામલે જામનગર મનપાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ધીરેન મોનાણીએ પણ કડક વલણ અપનાવ્યું હતું. તેમણે ડેપ્યુટી કમિશનર દેવેન્દ્રસિંહ ઝાલાને પત્ર લખી તાકીદે પાણી નિકાલ અને સફાઈ કામગીરી શરૂ કરવા સૂચના આપી હતી. મોનાણીએ પત્રમાં જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં લેવાની પણ માંગ કરી હતી.

ચેરમેનના પત્ર બાદ કમિશનર દિપેશ કેડીયા એક્શન મોડમાં આવ્યા હતા. તેઓ ઉચ્ચ અધિકારીઓના મોટા કાફલા સાથે શહેરના વિવિધ વિસ્તારોની મુલાકાતે નીકળ્યા હતા. મુલાકાત દરમિયાન સ્થાનિક કોર્પોરેટરોએ પણ કમિશનર સમક્ષ નગરજનોની હાલાકી અને રજૂઆતો કરી હતી. કમિશનરે નીચાણવાળા વિસ્તારો અને કેનાલ રૂટની ઝીણવટભરી ચકાસણી કરી હતી.

નિરીક્ષણ દરમિયાન કમિશનર કેડીયાએ હાજર તમામ જવાબદાર અધિકારીઓને આકરા શબ્દોમાં સૂચના આપીને બાકી રહેલી તમામ કામગીરી તાત્કાલિક અસરથી શરૂ કરવા જણાવ્યું હતું. તેમણે સ્પષ્ટ કર્યું કે વરસાદી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મનપા દ્વારા હવે સતત મોનિટરિંગ કરવામાં આવશે અને કોઈપણ પ્રકારની આળસ ચલાવી લેવાશે નહીં.

વરસાદની શરૂઆતમાં જ તંત્રની બેદરકારી ખુલી પડતાં, જામનગર મહાનગરપાલિકાનું વહીવટી તંત્ર હવે સંપૂર્ણપણે એલર્ટ થઈ ગયું છે. કમિશનરના કડક આદેશ બાદ કેનાલોની સફાઈ અને પાણીના નિકાલની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવશે.

## મમતા બેનરજી ચેરમેન પદેથી આઉટ, અભિષેક TMCમાંથી સસ્પેન્ડ, બળવાખોર જૂથનો નિર્ણય



**સમય સંદેશઃ કોલકાતા**

તૃણમૂલ કોંગ્રેસમાં ચાલી રહેલી રાજકીય સંકટ વચ્ચે સોમવારે એક બહુ મોટો વળાંક આવ્યો છે. ઉલુબેરિયા પૂર્વના ધારાસભ્ય ઋત્તબ્રત બેનજીર્ના નેતૃત્વ હેઠળના બળવાખોર જૂથે મમતા બેનજીર્ને પાર્ટીના ચેરપર્સન પદેથી હટાવવાની અને અભિષેક બેનજીર્ને પક્ષમાંથી સસ્પેન્ડ કરવાની સત્તાવાર જાહેરાત કરી દીધી છે. આ જૂથે પોતાને જ 'અસલી તૃણમૂલ કોંગ્રેસ' ગણાવી નવી સંગઠનાત્મક સમિતિની રચના કરી છે, અને હાવડા મધ્યના વરિષ્ઠ ધારાસભ્ય અરૂપ રોયને પોતાના નવા ચેરમેન નિયુક્ત કર્યા છે. આ રાજકીય ભૂકંપ બાદ ઝખઈ હવે ત્રણ જૂથમાં વહેંચાયેલી જોવા મળી રહી છે. પહેલું મમતા બેનજીર્નું જૂથ, બીજું ઋત્તબ્રત બેનજીર્નું બળવાખોર જૂથ (જે હવે બંગાળ વિધાનસભામાં વિપક્ષની ભૂમિકા ભજવશે), અને ત્રીજું કાકોલી ઘોષ દસ્તીદારના નેતૃત્વમાં આશરે બે ડઝન લોકસભા સાંસદોનું જૂથ, જેમણે 'નેશનલ સિટીઝન્સ પાર્ટી' માં વિલીનીકરણ કરીને સંસદમાં NDA સરકારને ટેકો આપ્યો છે.

## સરકાર ન માનતા હવે ખેડૂતો 'દ્વારકાધીશ'ને કરશે ફરિયાદ

### વીજલાઇન વળતર મુદ્દે સરકારની મુસીબત વધશેઃ ૨૬મી જૂનથી ગુજરાતમાં શરૂ થશે 'કિસાન અધિકાર પદયાત્રા', બે અલગ-અલગ રૂટ પરથી ખેડૂતો પગપાળા દ્વારકા જશે

**સમય સંદેશઃ દ્વારકા**

ખેતરોમાંથી પસાર થતી હાઈવોલ્ટેજ વીજલાઈનોના મુદ્દે સરકાર દ્વારા ખેડૂતોને થઈ રહેલા અન્યાય અને અપૂરતા વળતરના વિરોધમાં આગામી ૨૬મી જૂનથી ગુજરાતમાં 'કિસાન અધિકાર પદયાત્રા' યોજાવા જઈ રહી છે. ગયા અઠવાડિયે જ ખેડૂત નેતાઓ અને કોંગ્રેસ દ્વારા ૧૧૧૧ ટ્રેક્ટરોની ભવ્ય રેલી કાઢીને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું, જે બાદ હવે આ પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. સોમવારે અમદાવાદમાં કોંગ્રેસ ભવન ખાતે કિસાન કોંગ્રેસ સંગઠને આ અંગે સત્તાવાર જાહેરાત કરી હતી. આ પદયાત્રા બે અલગ-અલગ રૂટ, કચ્છના વ્રજવાણી અને સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રા-હળવદ પરથી શરૂ થશે અને લતીપર ખાતે બંને યાત્રાઓ ભેગી થઈને ૫૦૦ કિલોમીટરથી વધુનું અંતર પગપાળા કાપીને એકસાથે દ્વારકા પહોંચશે.

આ પદયાત્રાના રૂટની વિગતો આપતા જણાવ્યું છે કે, પ્રથમ યાત્રા (કચ્છ રૂટ) ૨૬મી તારીખે વ્રજવાણીથી શરૂ થઈ ગેડી, ચલાડી, પ્રાગટપર, ચિત્રોડ, લાકડીયા અને શિકારપુર થઈને માળિયાના ખારા પાટમાં અને ત્યાંથી આમરણ થઈને લતીપર પહોંચશે, જે આશરે ૪૦૦ કિલોમીટરથી વધુ લાંબી હશે. જ્યારે બીજી યાત્રા (સુરેન્દ્રનગર રૂટ) ધ્રાંગધ્રા અને હળવદ તાલુકાના કોંડ અને સાપકડા જેવા ગામોથી શરૂ થઈ સરા વિસ્તારથી વાંકાનેર અને ટંકારા થઈને સવા સો કિલોમીટરનું અંતર કાપી લતીપર પહોંચશે. આ બંને રૂટના ખેડૂતો લતીપર ખાતે એકઠા થઈને આખી યાત્રા પગપાળા પૂર્ણ કરશે અને ભગવાન દ્વારકાધીશના ચરણે ધજા ચડાવીને પોતાની વ્યથા જણાવશે. આ આંદોલન અંગે ખેડૂત નેતા પાલ આંબલિયા અને લાલજી દેસાઈએ જણાવ્યું હતું કે, કિસાન કોંગ્રેસ અને અન્ય સંગઠનો ખેડૂતોના હક માટે સતત લડી રહ્યા છે. તેમની મુખ્ય માંગણી છે કે ખેડૂતોને ૨૦૧૩ના જમીન સંપાદન કાયદા મુજબ બજાર ભાવ કરતા ચાર ગણું વળતર મળે અથવા પોલ દીઠ રૂ. ૫૦,૦૦૦ માસિક ભાડું કે ૨ કરોડનું વન-ટાઇમ સેટલમેન્ટ આપવામાં આવે. ભાજપ સરકાર ૧૩૦ ગીગાવોટથી વધુ વીજળી પસાર કરવા માટે ગુજરાતમાં ૧૦૦થી વધુ નવી વીજ લાઈનો નાખી રહી છે, જેના કારણે દોઢ લાખ જેટલા થાંભલા ઊભા થતાં ખેડૂતોની ૨૮ લાખ વીઘાથી વધુ ફળદ્રુપ જમીન બરબાદ થઈ જશે.

## દાદા-દાદી ગાર્ડન ખાતે યોગ દિવસની ઉજવણી




**સમય સંદેશઃ જામનગર**

જાયન્ટ્સ ગ્રુપ ઓફ જામનગર પૂર્વ તેમજ સુપરના સંયુક્ત ઉપક્રમે વિશ્વ યોગ દિવસના અનુસંધાને બંને ગ્રુપના સભ્યો માટે યુનીટ ડાયરેક્ટર રમેશભાઈ ભટ્ટ, ઉપેન્દ્રભાઈ વ્યાસ તરફથી દાદા દાદી ગાર્ડનમાં યોગ-પ્રાણાયામ-આસનનો પ્રોજેક્ટ રાખવામાં આવેલ. રમેશભાઈ ભટ્ટની પૌત્રી. પ્રાંચી ભટ્ટએ પણ ઉપસ્થિત સભ્યોને સૂર્ય નમસ્કાર તથા અમુક કસરતો કરાવેલ. તેનાથી સર્વે સભ્યો પ્રભાવિત થયેલ. આ પ્રોજેક્ટમાં યુનીટ ડાયરેક્ટર રમેશભાઈ ભટ્ટ તથા ઉપેન્દ્રભાઈ વ્યાસ, ફેડરેશન ઓફિસર સતિષભાઈ ભટ્ટ, પ્રમુખ ભરતભાઈ વ્યાસ, ડી.એ. આશિષભાઈ પુરોહિત, ડી.એફ. કિરીટભાઈ ચાવડા, દક્ષાબેન અને જયેશભાઈ પુરોહિત, પરેશભાઈ દવે, ભરતભાઈ ભટ્ટ, હરિભાઈ જોગીયા, પ્રવીણભાઈ બગીયા ઉપસ્થિત રહેલા હતા. આભાર વિધિ કિરીટભાઈ ચાવડાએ કરેલ.

## અનુસંધાન

### સંચાલિત જુગારનો અખાડો

(પાના નં. ૪ થી આગળ)

કિશોરભાઇ પરમાર, સુમિતભાઇ શિયાર, ઋષિરાજસિંહ વાળા, મયુરસિંહ પરમાર, અજયભાઇ વીરડા, ધર્મેન્દ્રસિંહ જાડેજા, સુરેશભાઇ માલકિયા, દયારામ ત્રિવેદી, બીજલભાઇ બાલસરા તથા ભારતીબેન ડાંગર વિગેરે દ્વારા કરવામાં આવેલ છે.

### જામનગરનો ગેંગરેપ

(પાના નં. ૪ થી આગળ)

માટે ગુજરાત અને ગુજરાત બહારના વિવિધ રેલવે સ્ટેશનો પર આશ્રય લેતો હતો. આથી પેરોલ ટીમે ૧૦૦થી વધુ રેલવે સ્ટેશનો પર જઈને તપાસ અને પૂછપરછ કરી હતી.

DYSP જયવીરસિંહ ઝાલાએ જણાવ્યું કે, 'આરોપી જ્યારે ૨૦૧૪માં પકડાયો ત્યારે તેના ફોટોગ્રાફ્સ અને વિગતો કેસ પેપર્સમાંથી મેળવવામાં આવી હતી. ત્યારબાદ તેના જૂના મોબાઈલ નંબરો, ટેકનિકલ ડેટા અને તેની ગતિવિધિઓ પર વોચ રાખવામાં આવી હતી.' તેમણે ઉમેર્યું કે, 'હ્યુમન ઇન્ટેલિજન્સની મદદથી તે અગાઉ કોના સંપર્કમાં હતો અને જેલ દરમિયાન કોને મળતો હતો, તે તમામ બાબતોનો ૩૬૦ ડિગ્રી અભ્યાસ કરવામાં આવ્યો હતો.'

આ સઘન તપાસ અને ટેકનિકલ ઇન્ટેલિજન્સના આધારે જામનગર પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે આરોપી પારસ ઉર્ફે ધોરિયો હાલ અમદાવાદના સાબરમતી રેલવે સ્ટેશન પર છે. બાતમીના આધારે પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને તેની ધરપકડ કરી લીધી છે.

### બાઈક સવાર વૃધ્ધા

(પાના નં. ૪ થી આગળ)

અને બેડરેસ્ટ વચ્ચે શનિવાર તા. ૨૦ ના રોજ તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગે મીઠાપુર પોલીસે મૃતકના પુત્ર સામતભાઈ ચાનપાની ફરિયાદ પરથી મોટરકારના ચાલક સામે બીએનએસ અને એમ.વી. એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ મીઠાપુરના પી.આઈ. કે.એસ. ગરચર દ્વારા હાથ ધરવામાં આવી છે.

### છેલ્લા દોઢ વર્ષથી

(પાના નં. ૩ થી આગળ)

પરાપીપળીયા ગામ તા.જી. રાજકોટ) ને સંયુકત હકીકતના આધારે પકડી પાડી જામનગર જીલ્લા જેલ ખાતે જમા કરવા માટે ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

### ૧૫ વિદ્યાર્થીના મોત

(પાના નં. ૧ થી આગળ)

પણ ઘટનાસ્થળની મુલાકાત લીધી અને રાહત કામગીરીનું નિરીક્ષણ કર્યું. તેમણે જણાવ્યું કે મૃત્યુઆંક ૧૨ પર પહોંચી ગયો છે, જે બધા ૨૦ થી ૨૪ વર્ષની વચ્ચે છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે હવે આ મામલે વધુ કડક વલણ અપનાવ્યું છે, તેમણે પોલીસ મહાનિર્દેશક અને અધિક મુખ્ય સચિવ (ગૃહ) ને તાત્કાલિક ઘટનાસ્થળની મુલાકાત લેવા અને સંપૂર્ણ અહેવાલ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. મુખ્યમંત્રીએ જણાવ્યું છે કે સમગ્ર મામલાની સંપૂર્ણ તપાસ કરવામાં આવશે અને ગુનેગારોને સજા કરવામાં આવશે. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે ન્યાય સુનિશ્ચિત કરવામાં આવશે અને ગુનેગારો સામે કાર્યવાહી કરીને પીડિતોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરવામાં આવશે.

પ્રધાનમંત્રી કાર્યાલયે પણ સંવેદના વ્યક્ત કરી છે અને મૃતકોના પરિવારોને સહાયની જાહેરાત કરી છે. પ્રધાનમંત્રી કાર્યાલયે જણાવ્યું છે કે મૃતકોના પરિવારોને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી ₹૨ લાખ અને ઘાયલોને ₹૫૦,૦૦૦ મળશે. લખનૌ પોલીસ અને વહીવટીતંત્રે સ્પષ્ટતા કરી છે કે રાહત અને બચાવ કામગીરી પૂર્ણ થઈ ગઈ છે અને પરિસ્થિતિ નિયંત્રણમાં છે. હાલમાં સમગ્ર મામલાની તપાસ ચાલી રહી છે અને વહીવટીતંત્ર દરેક પાસાઓ પર નજર રાખી રહ્યું છે.

### પ્રફુલ્લ પટેલ

(પાના નં. ૧ થી આગળ)

નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના અત્યંત ખાસ અને વિશ્વાસુ માણસોમાં થાય છે. વર્ષ ૨૦૦૭ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર સી. કે. પટેલને હરાવી પ્રથમ વખત હિંમતનગરના ધારાસભ્ય બનેલા પ્રફુલ પટેલના પિતા ખોડાભાઈ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) માં સક્રિય હોવાથી નરેન્દ્ર મોદી સાથે તેમનો વર્ષો જૂનો ઘરોબો હતો.

વર્ષ ૨૦૧૦થી ૨૦૧૨ દરમિયાન જ્યારે તત્કાલીન ગૃહ રાજ્યમંત્રી અમિત શાહને ગુજરાત બહાર રહેવાના આદેશ થતાં સરકાર પર આફત આવી હતી, ત્યારે નરેન્દ્ર મોદીએ ડેમેજ કંટ્રોલર તરીકે પ્રથમ વખતના ધારાસભ્ય હોવા છતાં પ્રફુલ પટેલને ગૃહ રાજ્યમંત્રીની મોટી જવાબદારી સોંપી હતી. વર્ષ ૨૦૧૨માં ચૂંટણી હાર્યા બાદ પણ તેમની ઉત્કૃષ્ટ કાર્યપદ્ધતિને કારણે તેઓ હજુ પણ કેન્દ્રીય નેતૃત્વના અગ્રણી વિશ્વાસુ નેતા માનવામાં આવે છે.

### મુસ્લિમોની સ્થિતિ

(પાના નં. ૧ થી આગળ)


કરવામાં આવશે. બોર્ડના મતે, છેલ્લા કેટલાક સમયથી સમુદાયને સામાજિક અને રાજકીય મુખ્યપ્રવાહમાંથી દૂર રાખવાના જે પ્રયાસો થઈ રહ્યા છે, તેની સામે અવાજ ઉઠાવવો હવે અનિવાર્ય બન્યો છે. AIMPLBની આ જાહેરાત બાદ દેશના રાજકીય વર્તુળોમાં આગામી સમયમાં મોટી હલચલ જોવા મળી શકે છે.

### અગ્નિવીરો માટે

(પાના નં. ૧ થી આગળ)

અને ગૃહ વિભાગ અંતર્ગત હથિયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટર (Armed PSI), હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, એસ.આર.પી. (SRP)ના પ્લાટૂન કમાન્ડર તથા પોલીસ કોન્સ્ટેબલની ભરતીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત જેલ વિભાગમાં જેલર ગ્રુપ-૨ અને જેલ સિપાઈ તેમજ વન અને પર્યાવરણ વિભાગ હેઠળ વનરક્ષક (ફોરેસ્ટ ગાર્ડ) વર્ગ-૩ અને વનપાલ વર્ગ-૩ ના સંવર્ગોમાં આ લાભ મળશે. રાજ્ય સરકારના આ સરાહનીય પગલાથી ગુજરાત પોલીસ તેમજ વન વિભાગ જેવા મહત્વના ક્ષેત્રોને ભવિષ્યમાં વધુ શિસ્તબદ્ધ અને તાલીમબદ્ધ યુવાનોની સેવાઓ પ્રાપ્ત થશે.

# જામનગરમાં મોહર્રમમાં તિરંગા થીમનો શણગારઃ રઝાનગરમાં 'દાસ્તાને કરબલા' વાઇઝમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો હાજર રહ્યા







તસવીરઃ હિરેન ગાંધી

જામનગર શહેરના રઝાનગર વિસ્તારમાં મોહર્રમ પર્વ નિમિત્તે યોજાયેલા ધાર્મિક કાર્યક્રમમાં રાષ્ટ્રપ્રેમનો અનોખો રંગ જોવા મળ્યો છે. અહીં આયોજિત વાઇઝ શરીફના દાસ્તાને કરબલા કાર્યક્રમ માટે મુખ્ય સ્ટેજ પર ભવ્ય તિરંગા થીમનો શણગાર કરવામાં આવ્યો છે, જે સ્થાનિક લોકો અને શ્રદ્ધાળુઓમાં ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. ઇસ્લામિક કેલેન્ડરના પ્રથમ માસ મોહર્રમમાં દર વર્ષે 'હઝરત ઇમામ હુસૈન' અને કરબલાના અન્ય શહીદોની યાદમાં અંજલિ અર્પણ કરવામાં આવે છે. તેમણે કરબલાના મેદાનમાં સત્ય, માનવતા અને ન્યાય કાજે પોતાનું બલિદાન આપ્યું હતું. પરંપરાગત આયોજનઃ આ પર્વ નિમિત્તે વિશ્વભરમાં મુસ્લિમ સમાજ દ્વારા ઇસ્લામિક પ્રવચનો (તકરીર), ન્યાઝ (પ્રસાદ) અને તાજીયાના જુલૂસ કાઢીને માતમ મનાવવામાં આવે છે. જામનગર શહેર ઉપરાંત સમગ્ર જિલ્લામાં ઠેર ઠેર તકરીર અને આમ ન્યાઝ સહિતના વિવિધ કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે, જેમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો જોડાઈ રહ્યા છે. રઝાનગર વિસ્તારમાં ચાલી રહેલા દાસ્તાને કરબલા કાર્યક્રમમાં જાણીતા આલિમ 'કારી ઇકબાલ મુરાદાબાદી સાહેબ' દ્વારા તકરીર (પ્રવચન) ફરમાવવામાં આવી રહી છે. આ વાઇઝ શરીફનો લાભ લેવા માટે દરરોજ મોટી સંખ્યામાં ભાઈઓ અને બહેનો ઉમટી પડે છે. સામાન્ય રીતે મોહર્રમના કાર્યક્રમોમાં પરંપરાગત શણગાર જોવા મળતો હોય છે, પરંતુ જામનગરના રઝાનગરમાં ધાર્મિક કાર્યક્રમની સાથે દેશભક્તિ વણી લેવા માટે સ્ટેજને તિરંગાના ત્રણ રંગોથી સજાવવામાં આવ્યો છે. કાયદો, વ્યવસ્થા અને શાંતિપૂર્ણ માહોલ વચ્ચે જામનગર જિલ્લામાં મોહર્રમ પર્વની આસ્થાભેર ઉજવણી થઈ રહી છે.

# દ્વારકામાં દરિયા કિનારે દબાણો પર તંત્રનો બુલડોઝરઃનગરપાલિકા-પોલીસની સંયુક્ત કાર્યવાહી, સંગમ મંદિર આસપાસ સફાઈ અભિયાન

**સમય સંદેશઃ દ્વારકા**

પવિત્ર યાત્રાધામ દ્વારકા શહેરમાં સ્વચ્છતા, સુંદરતા અને ટ્રાફિક વ્યવસ્થા જાળવવા માટે નગરપાલિકા અને પોલીસ તંત્ર દ્વારા એક મોટું સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ વિશેષ ઝુંબેશ અંતર્ગત શહેરના મહત્વના એવા સ્મશાન રૂટ અને જગતપ્રસિદ્ધ દરિયા કિનારે આવેલા સંગમ મંદિર આસપાસના વિસ્તારોમાં લાંબા સમયથી ખડકાયેલા ગેરકાયદેસર દબાણોને સંપૂર્ણપણે દૂર કરવામાં આવ્યા હતા. આ કામગીરીને પગલે સ્થાનિક રહીશો અને યાત્રિકોમાં રાહતની લાગણી જોવા મળી રહી છે.




નગરપાલિકાના ચીફ ઓફિસરની સીધી આગેવાની હેઠળ યોજાયેલી આ ખાસ ડ્રાઈવમાં દ્વારકા પોલીસના કાફલાએ જોડાઈને કાયદો અને વ્યવસ્થા જાળવવામાં મહત્વનો સહયોગ આપ્યો હતો. તંત્ર દ્વારા જાહેર માર્ગો અને દરિયા કિનારાના પવિત્ર વિસ્તારોને દબાણમુક્ત કરવાની સાથે-સાથે ત્યાં એક વિશેષ સફાઈ અભિયાન પણ ચલાવવામાં આવ્યું હતું, જેથી પ્લાસ્ટિક અને અન્ય કચરાનો યોગ્ય નિકાલ કરી શકાય. આ સઘન કાર્યવાહીના પરિણામે સંગમ મંદિર અને સ્મશાન તરફ જતો સમગ્ર વિસ્તાર વધુ સ્વચ્છ, સુંદર અને સુવ્યવસ્થિત બન્યો છે. નગરપાલિકા અને પોલીસ તંત્ર દ્વારા સત્તાવાર રીતે જણાવાયું છે કે, દ્વારકા આવતા લાખો શ્રદ્ધાળુઓની સુવિધા તેમજ શહેરમાં સ્વચ્છતા અને જાહેર સુવિધાઓ કાયમી ધોરણે જળવાઈ રહે તે માટે આગામી ભવિષ્યમાં પણ આ પ્રકારની આકસ્મિક ઝુંબેશો અને કડક કાર્યવાહી સતત ચાલુ રાખવામાં આવશે.

# જામનગરમાં જન્મ-મરણ શાખામાં એજન્ટોનો ત્રાસ દૂર કરવા ટોકન સિસ્ટમ ચાલુ કરાઈ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર તા.૨૨: જામનગર મહાનગર પાલિકાની જન્મ-મરણ શાખામાં લાંબા સમયથી ચાલતી વહીવટી લાલિયાવાડી અને એજન્ટોના અરજદારો વચગાળાથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. જેને લઈ જમનપાના ઉચ્ચ અધિકારીઓથી લઈને શાસકોમાં દોડધામ મચી ગઈ હતી. મહાનગરપાલિકાના કમિશનરના આદેશ બાદ ટોકન સીસ્ટમ લાગુ કરવામાં આવી છે. અને સવારના ૭ થી રાત્રિના ૯ વાગ્યા સુધી જન્મ-મરણના -ાખલા નિકળી શકે તેવી વ્યવસ્થા રવામાં આવી છે.

મહાનગરપાલિકાના કમિશનર દિપેશ કેડીયા અને વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી જન્મ-મરણ શાખામાં ટોકન સિસ્ટમ અમલી બનાવી દેવામાં આવી છે. અત્યાર સુધી અરજદારોને કલાકો સુધી લાઈનોમાં ઊભા રહેવું પડતું હતું અને તક સાધીને વચેટીયાઓ (એજન્ટો) નિર્દોષ નાગરિકો પાસેથી મનફાવે તેમ રૂપિયા પડાવતા હતા. હવે નવી ટોકન પદ્ધતિના કારણે ઓન-ધ-સ્પોટ પારદર્શક રીતે કામગીરી થશે.

જેનાથી ગોબાચારી પર સંપૂર્ણપણે બ્રેક-વાગી જશે. ભ્રષ્ટાચાર અને તંત્ર દ્વારા માત્ર ટોકન સિસ્ટમ જ નહીં, પરંતુ કામકાજના કલાકોમાં પણ અભૂતપૂર્વ વધારો કરવામાં આવ્યો છે. અરજદારોની સુવિધા માટે હવે સવારના ૭ વાગ્યાથી હેલ્પ ડેસ્ક શરૂ કરવામાં આવ્યું છે અને તે રાત્રિના ૯ વાગ્યા સુધી જન્મ અને મરણના દાખલા કાઢી શકાય તેવી વિશેષ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. આ નિર્ણયના કારણે ખાસ કરીને નોકરીયાત વર્ગ અને મજૂરી કામ - કરતા લોકોને મોટી રાહત મળશે, કારણ કે તેઓ પોતાના કામના કલાકો સિવાય પણ વહેલી સવારે અથવા મોડી સાંજે આવીને સરળતાથી દાખલા મેળવી શકશે.

મનપાની આ મહત્વની શાખા હવે ખરા અર્થમાં લોકઉપયોગી બની રહી છે. ડીએમસી ધર્મેન્દ્રસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે આગામી દિવસોમાં જન્મ-મરણ શાખામાં દાખલા કાઢવાની આખી સીસ્ટમમાં ફેરફાર કરવામાં આવશે. જે અંગેની કામગીરી હાલ ચાલી રહી છે.

# જામનગર શહેરમાં જિલ્લા કોંગ્રેસ દ્વારા જનઆક્રોશ ધરણા યોજાયા



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર તા.૨૨: દેશ અને રાજ્યમાં સતત વધી રહેલી મોંઘવારી તેમજ યુવાનોના ભવિષ્ય સાથે ચેડાં કરતા વારંવારના પેપર લીક કૌભાંડોના વિરોધમાં શનિવારે જામનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જન આક્રોશ ધરણાં યોજીને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ પર લાલઆંખ કરવામાં આવી હતી. શહેરના લાલ બંગલા સર્કલ ખાતે એકત્રિત થયેલા કોંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકરોએ સરકાર વિરોધી પ્લેકાર્ડ અને પોસ્ટરો પ્રદર્શિત કરીને વિરોધ કરાયો હતો. આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો આ વિરોધ પ્રદર્શનમાં ખેડૂતોની દયનીય સ્થિતિ અને કથેળતી જતી કાયદો-વ્યવસ્થાના મુદ્દે સરકારની નીતિઓ સામે ઉગ્ર હતો. આ ધરણાં કાર્યક્રમમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મનોજ કથીરિયા, તાલુકા કોંગ્રેસ પ્રમુખ, મહિલા કોંગ્રેસ પ્રમુખ તેમજ યુવક કોંગ્રેસ પ્રમુખ સહિતના તમામ પાંખના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા. કોંગ્રેસે ચીમકી આપી છે કે જો જનતાના પ્રશ્નોનું વહેલી તકે નિરાકરણ નહીં આવે તો આગામી દિવસોમાં આંદોલન વધુ તેજ બનાવવામાં આવશે.

# જામનગરના બર્ધન ચોક વિસ્તારમાં દબાણકારોના ત્રાસથી વેપારીઓ ત્રાહિમામ

## કલેક્ટરને રજૂઆત, મુખ્યમંત્રી-ડેપ્યુટી સીએમ સાથે મુલાકાત માટે એપોઇન્ટમેન્ટ માંગતા વેપારીઓઃ હાઈકોર્ટના 'નો હોકિંગ ઝોન'ના આદેશની સરેઆમ અવગણના

**સમય સંદેશઃ જામનગર**

શહેરના ઐતિહાસિક અને મુખ્ય વ્યાપારી હબ ગણાતા બર્ધન ચોક, દરબારગઢ, માંડવી ટાવર અને સિંધી માર્કેટ વિસ્તારમાં છેલ્લા લાંબા સમયથી વધી ગયેલા ગેરકાયદેસર દબાણો અને રેકડી-પાથરણાવાળાઓના ત્રાસથી સ્થાનિક વેપારીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. તંત્ર દ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ નક્કર ઉકેલ ન આવતા આખરે 'બર્ધન ચોક વ્યાપારી એસોસિએશન' દ્વારા જામનગર કલેક્ટરને લેખિત પત્ર પાઠવીને ઉચ્ચ સ્તરે રજૂઆત કરવા માટે મંજૂરી માંગવામાં આવી છે. વેપારીઓએ ગુજરાતના મુખ્યમંત્રી અને ડેપ્યુટી મુખ્યમંત્રી સાથે રૂબરૂ મુલાકાત માટે સમય (એપોઇન્ટમેન્ટ) મેળવી આપવા કલેક્ટરને નમ્ર વિનંતી કરી છે.




તસવીરઃ હિરેન ગાંધી

વ્યાપારી એસોસિએશનના પ્રમુખ મનીષ કરમચંદાણીની સહી સાથે પાઠવવામાં આવેલા આ પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, નામદાર હાઇકોર્ટ દ્વારા આ વિસ્તારમાં ''નો હોકિંગ ઝોન'' ની અમલવારી કરાવવા માટે સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો છે. આમ છતાં, સ્થાનિક તંત્ર દ્વારા હાઇકોર્ટના આદેશનું પાલન કરાવવામાં ઘોર ઉદાસીનતા દાખવવામાં આવી રહી છે. વેપારીઓની વારંવારની રજૂઆતો સાંભળવા કોઈ તૈયાર નથી અને તંત્ર દ્વારા આ ગંભીર સ્થિતિ સામે સંપૂર્ણપણે આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે.

પત્રમાં વધુમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે, સમગ્ર વિસ્તારમાં પાર્કિંગ માટે ફાળવવામાં આવેલી જગ્યાઓ પર પણ દબાણકર્તાઓએ અડિંગો જમાવી દીધો છે. આશ્ચર્યની વાત તો એ છે કે, તંત્ર દ્વારા જ્યાં-જ્યાં ''નો હોકિંગ ઝોન'' ના સરકારી બોર્ડ લગાવવામાં આવ્યા છે, બરાબર તેની નીચે જ ગેરકાયદેસર રીતે રેકડીઓ અને પાથરણા પાથરીને રસ્તાઓ બ્લોક કરી દેવામાં આવ્યા છે, જેના કારણે ગ્રાહકો અને વેપારીઓ બંને ભારે પરેશાની ભોગવી રહ્યા છે.

સ્થાનિક કક્ષાએ કોઈ ઉકેલ ન આવતા હવે આ મુદ્દો રાજ્ય સરકાર સમક્ષ લઈ જવાની તૈયારી વેપારીઓએ કરી લીધી છે. બર્ધન ચોક વ્યાપારી એસોસિએશને કલેક્ટરને વિનંતી કરી છે કે, આ ગંભીર મુદ્દાઓ સાથે આશરે ૨૦૦ જેટલા વેપારીઓ રૂબરૂ જઈને પોતાની વ્યથા ઠાલવી શકે તે માટે યોગ્ય સમયે ગુજરાતના મુખ્યમંત્રી અને ડેપ્યુટી મુખ્યમંત્રી સાથે મુલાકાત ગોઠવી આપવામાં આવે. વેપારીઓએ ચીમકી આપી છે કે જો આ દબાણોનો કાયમી ઉકેલ નહીં આવે તો આગામી દિવસોમાં વેપાર-ધંધા રોજગાર ચલાવવા મુશ્કેલ બની જશે.

# કલ્યાણપુરના ખાખરડામાં હુમલો

કલ્યાણપુર તાલુકાના ખાખરડા ગામે પવનચક્કીની એક ખાનગી કંપની દ્વારા પવનચક્કીના ફાઉન્ડેશન બનાવવાની કામગીરી ચાલી રહી હતી, ત્યારે આ સ્થળે મોટરસાયકલ પર ધસી આવેલા પટેલકા ગામના વેજા કરંગીયા નામના શખ્સ દ્વારા અહીં રહેલા કંપનીના કર્મચારી અને સુરતના મૂળ રહીશ તથા હાલ કલ્યાણપુર તાલુકાના ભાટિયા ગામે રહેતા નિતેશ ઓમપ્રકાશ સિંગ રાજપુત (ઉ.વ. ૩૭) સહિતના કર્મચારીઓને બિભત્સ ગાળો ભાંડી, પથ્થરના ઘા મારતા તેમને ઇજાઓ થવા પામી હતી. આ બનાવ અંગે કલ્યાણપુર પોલીસે વેજા કરંગીયા સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, જરૂરી કાર્યવાહી હાથ કરી છે.

# કાલાવડના રાજસ્થળીમાં ગાઠીયા માટે રાહ જોવાનું કહેતા કારચાલકે લારી ઉડાડી

**સમય સંદેશઃ કાલાવડ**

કાલાવડ તાલુકાના રાજસ્થળીના પાટીયા પાસે ગાંઠીયાના પાર્સલ માટે રાહ જોવાનું કહેતા શખસે ઉશ્કેરાઈ જઈને કાર લારીમાં ભટકાડી હતી અને લારીમાં તેલ, ચુલા સહિત મળીને રૂ.૨૫ હજારનું નુકશાન કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. જેના આધારે પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ સાથે વધુ તપાસ હાથ ધરી છે. જશાપર ગામમાં રહેતા ખોડાભાઈ મનસુખભાઈ ફળદુ (ળ.સ.૩૭) નામના પટેલ વેપારીની ગાંઠીયાની લારી રાજસ્થળી ગામના પાટીયા પાસે આવેલી છે. ગત તા.૧૮ના રાત્રિના કારીગર હુસેનભાઈ ગફારભાઈ ડેલા હાજર હતો. ત્યારે આરોપી કીશન નથુભાઈ સાડમીયા (રે.નવા મોખાણા-જામનગર) નામનો શખસને ગાંઠીયાના પાર્સલ માટે રાહ જોવાનું કહ્યું હતું. જેથી આરોપીએ ઉશ્કેરાઈ જઈને કાર ગાઠીયાની લારીમાં આગળથી ભટકાડી હતી. લારીમાં ઉપર રાખેલ સામાન ચુલો તથા તેલનું બકડીયુ ઢોળીને અંદાજીત રૂ.૨૫ હજારનું નુકશાન કર્યુ હતું. કારીગર હુશેનભાઈને કહેલ કે હવે જો મને રાહ જોવાનું કીધુ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી.

# દેવભૂમિ દ્વારકા જિલ્લા યુવા મોરચાના વિવિધ મંડળોમાં પ્રમુખ અને મહામંત્રીની વરણી

**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લા યુવા ભાજપ પ્રમુખ વનરાજસિંહ વાઢેરના વડપણ હેઠળ આગામી ટર્મના ખંભાળિયા શહેર યુવા મોરચાના પ્રમુખ તરીકે પ્રશાંતભાઈ નકુમ અને મહામંત્રી તરીકે અક્ષયસિંહ ચુડાસમા તથા નિશીતભાઈ નરેન્દ્રભાઈ કાનાણી, ખંભાળિયા તાલુકા યુવા મોરચાના પ્રમુખ તરીકે ભરતભાઈ ડેર અને મહામંત્રી તરીકે વત્સલભાઈ રાઠોડ તથા પ્રતિપાલસિંહ જાડેજા, સલાયા શહેર યુવા મોરચાના પ્રમુખ તરીકે વિશાલભાઈ લાલ અને મહામંત્રી તરીકે અનિલભાઈ રાઠોડ તથા અતુલભાઈ મોદી, ભાણવડ તાલુકા યુવા મોરચાના પ્રમુખ તરીકે રાજુભાઈ કરમુર અને મહામંત્રી તરીકે હાર્દિકભાઈ નકુમ તથા સાગરભાઈ કનારા, કલ્યાણપુર તાલુકા યુવા મોરચાના પ્રમુખ તરીકે દર્શનભાઈ કણજારીયા અને મહામંત્રી તરીકે ઋતુરાજસિંહ જાડેજા તથા રવિભાઈ નંદાણીયા, દ્વારકા તાલુકા યુવા મોરચાના પ્રમુખ તરીકે થારીયાભા માણેક અને મહામંત્રી તરીકે લાલભાઈ નાગેશ તથા મુરુભા માણેક, દ્વારકા શહેર યુવા મોરચાના પ્રમુખ તરીકે અરવિંદભાઈ નકુમ અને મહામંત્રી તરીકે માર્મિક જાખરીયા તથા પારસભાઈ વાયડા તેમજ ઓખા શહેર યુવા મોરચાના પ્રમુખ તરીકે હર્ષ કિશોરભાઈ મજીઠીયા અને મહામંત્રી તરીકે કલરવ વિઠલાણી તથા વિશાલ માણેકની નિયુક્તિ કરવામાં આવી છે. આ નિમણૂંકને ભાજપના આગેવાનો, હોદ્દેદારો તેમજ કાર્યકરોએ આવકારી, શુભેચ્છાઓ પાઠવી છે.

# કાલાવડઃ સજા વોરંટના કામે છેલ્લા દોઢ વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો



**સમય સંદેશઃ કાલાવડ**

જામનગર જીલ્લા પોલીસ અધિક્ષક ડો.રવી મોહન સૈનીની સુચના મુજબ તથા પીયુષ આર. વાંધા નાયબ પોલીસ અધિક્ષક જામ. ગ્રામ્ય વિભાગના માર્ગદર્શન તેમજ કાલાવડ ગ્રામ્ય પો.સ્ટે.ના પોલીસ ઈન્સ. એન.વી. આંબલીયાની સુચનાથી કોર્ટ તરફથી મળતા સજા વોરંટ બજવણી કરવા સુચના તથા માર્ગદર્શન આપેલ હોય.

જેથી તે અનુસંધાને જરૂરી વર્કઆઉટ કરી રહેલ હતા દરમ્યાન ૭માં એડી. ચીફ જયુ. મેજી. જામનગરના ફોજદારી કેસ નંબર ૮૭૯૬/૨૦૧૮ના કામે આરોપી ભરતભાઈ દેવદાનભાઈ બાલસરા (રહે. ખંઢેરા ગામ તા.કાલાવડ જી. જામનગર)નું સજા વોરંટ બજવણી માટે મળેલ હોય અને આરોપી છેલ્લા દોઢેક વર્ષથી સજાના બજવણીના હુકમનો ભાગતો ફરતા હોય.

જેથી આ કામે આરોપી ભરતભાઈ દેવદાનભાઈ બાલસરા (ઉ.૩૯ ધંધો ડ્રાઈવીંગ રહે. હાલ

અનુ પાના નં.૨ પર

# દારૂ પીવાની ટેવ ધરાવતા ઓખાના વૃધ્ધનું સારવાર દરમિયાન કરૂણ મૃત્યુ

ઓખા મંડળના પોશીત્રા ગામે રહેતા ઝીણાભાઈ રાઘવજીભાઈ રાઠોડ નામના ૬૦ વર્ષના વૃધ્ધને છેલ્લા ઘણા સમયથી દેશી દારૂ પીવાની ટેવ હતી અને તેઓ દારૂ પીધા વગર રહી શકતા ન હતા. આ વચ્ચે તેમની તબિયત લથડતા વધુ સારવાર અર્થે જામનગરની જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ મૃતકના મોટાભાઈ મહેશભાઈ રાઘવજીભાઈ રાઠોડએ ઓખા મરીન પોલીસને કરી છે.

# ખંભાળિયામાં પરિણીતાને ત્રાસ આપતા સાસરિયાઓ સામે ફરિયાદ

**સમય સંદેશઃ ખંભાળિયા**

દ્વારકાના ધીંગેશ્વર પાડો વિસ્તારમાં રહેતી અને સતવારા ભીખાભાઈ પરમારની ૨૭ વર્ષની પરિણીત પુત્રી ભારતીબેન સાગર ચોપડાને તેણીના ખંભાળિયામાં વૃંદાવન પાર્ક વિસ્તારમાં રહેતા તેણીના પતિ સાગર પરસોત્તમભાઈ ચોપડા, સાસુ પમીબેન અને મેહુલ પરસોત્તમભાઈ ચોપડા તથા ધનવાન પરસોતમભાઈ ચોપડા ગામના ચાર સાસરિયાઓએ અવારનવાર ઝઘડો કરી, મારકૂટ કર્યાની તથા તને છોકરા રાખતા આવડતું નથી, રસોઈ બનાવતા આવડતું નથી તેવા મેણા-ટોણા મારી, દુઃખ ત્રાસ આપવા સબબ દ્વારકા પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે.

# જામનગર બાયપાસ પર વીજ પોલ રસ્તા પર ખાબક્યોઃ લાલપુર ચોકડી-ખંભાળિયા હાઈવે પર અકસ્માતનું જોખમ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના લાલપુર ચોકડીથી ખંભાળિયા બાયપાસ હાઇવે પર એક વીજ પોલ રસ્તા પર ઢળી પડ્યો છે. આ ઘટનાને કારણે વાહનચાલકો માટે અકસ્માતનું જોખમ ઊભું થયું છે અને વાહનવ્યવહાર પ્રભાવિત થયો છે.

હાઇવેના ડિવાઈડર પર આવેલો આ વિશાળ વીજ પોલ અચાનક રસ્તાની વચ્ચે આવી ગયો છે. જેના પરિણામે આ માર્ગ પરથી પસાર થતા વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.ખાસ કરીને રાત્રિના સમયે અજાણ્યા વાહનચાલકો માટે આ ઢળી પડેલો પોલ જીવલેણ સાબિત



તસવીરઃ હિરેન ગાંધી

થઈ શકે છે. અકસ્માત થવાની પૂરેપૂરી સંભાવના હોવા છતાં, હજુ સુધી સંબંધિત તંત્ર દ્વારા તેને હટાવવા માટે કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી.સ્થાનિક વાહનચાલકો અને રાહદારીઓમાં આ બાબતે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

લોકોની માંગ છે કે, વહીવટી તંત્ર અને વીજ કંપની દ્વારા તાત્કાલિક ધોરણે આ વીજ પોલને રસ્તા પરથી દૂર કરવામાં આવે, જેથી કોઈ મોટી દુર્ઘટનાને ટાળી શકાય.આ સ્થિતિમાં, શું તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે તેવો પ્રશ્ન ઊભો થયો છે. જવાબદાર સત્તાધીશો વહેલી તકે આ મામલે પગલાં લે તેવી અપેક્ષા છે.



# દ્વારકાના ઓખા નગરપાલિકાના દેવપરામા પ્રદૂષણથી નાગરિકો ત્રાહિમામ

## મીઠાપુર ટાટા કેમિકલ્સ લિ.ના પ્લાન્ટ દ્વારા ફેલાવાતા કેમિકલ યુક્ત કચરા અને ડસ્ટ સામે સ્થાનિકોમાં ભારે રોષઃ સમુદ્રમાં ઝેરી કેમિકલ્સ યુક્ત કદળો પાઈપ લાઈન દ્વારા નખાય છેઃ દિવસ ૧૫માં નિરાકરણ નહીં તો આમરણાંત ઉપવાસની ચિમકી












**સમય સંદેશઃ દ્વારકા**
**(બુધાભા ભાટી દ્વારા)**

ટાટા કેમિકલ્સ લિમિટેડનાં સિમેન્ટ પ્લાન્ટ અને કેમિકલ એકમો દ્વારા વર્ષોથી જલ અને વાયુ પ્રદૂષણ ફેલાવવામાં આવી રહેલ છે. આ ઘાતક પ્રદૂષણ સામે સ્થાનિક રહીશો અને સામાજિક કાર્યકરોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. વારંવારની લેખિત અને મૌખિક રજૂઆતો છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં ન લેવાતા, આખરે સ્થાનિક અગ્રણી અને ચારણ સમાજના આગેવાન દેવરામ વાલાભાઈ ચારણ દ્વારા આગામી સમયમાં ગાંધી ચીંધ્યા માર્ગે આમરણાંત ઉપવાસ પર બેસવાની સત્તાવાર ચીમકી આપવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, દેવપરા ગામની ખૂબ જ નજીક આવેલ સિમેન્ટ પ્લાન્ટમાંથી ચોવીસ કલાક ઝેરી ગેસ, રજકણો અને સિમેન્ટની ડસ્ટ (ઉડતી રાખ) હવામાં છોડવામાં આવી રહી છે. આ પ્રદૂષણને કારણે સ્થાનિક રહીશોનું જીવવું દુષ્કર બન્યું છે. હવામાં ઉડતી આ ઝેરી ડસ્ટને લીધે લોકોના ઘરો, પીવાના પાણીના સ્ત્રોત અને ખોરાક દૂષિત થઈ રહ્યા છે. આ ગંભીર પરિસ્થિતિને કારણે સમગ્ર વિસ્તારમાં શ્વાસના રોગો, કેન્સર અને અન્ય જીવલેણ બીમારીઓનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે, જાણે આખું ગામ મોતના મુખમાં ધકેલાઈ રહ્યું હોય તેવી ભયાનક સ્થિતિ સર્જાઈ છે.

અરજદાર દેવરામભાઈ ચારણના જણાવ્યા મુજબ, કંપની દ્વારા માત્ર હવાનું જ નહીં પરંતુ જળ પ્રદૂષણ પણ મોટા પાયે ફેલાવવામાં આવી રહ્યું છે. કંપનીના ઝેરી કેમિકલ યુક્ત કચરા અને ફ્લાય એશ (રાખ)ના મોટા-મોટા ઢગલા દરિયાકાંઠાના અને પાડલી વિસ્તારના દરિયાઈ પાણીમાં સીધા જ વહાવી દેવામાં આવે છે, જેનાથી કિંમતી દરિયાઈ સૃષ્ટિને પણ વ્યાપક નુકસાન પહોંચી રહ્યું છે. અરજદારે જી.પી.સી.બી. (ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ)ના અધિકારીઓ સામે ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું છે કે, જ્યારે પણ અધિકારીઓ તપાસ માટે આવે છે ત્યારે સ્થાનિકોની ગેરહાજરીમાં માત્ર કંપનીના અધિકારીઓ સાથે મળીને ખોટા અને એકતરફી રિપોર્ટ તૈયાર કરી દેવામાં આવે છે. અગાઉ ઓખા નગરપાલિકા અને પ્રાંત અધિકારી દ્વારા પ્રદૂષણ હોવાના સ્પષ્ટ અહેવાલો આપવા છતાં, ઉચ્ચ કક્ષાએથી કોઈ જ સખત કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી નથી.

વર્ષ ૨૦૧૧ થી ૨૦૨૪ સુધી સતત અલગ-અલગ સરકારી કચેરીઓ, કલેક્ટર કચેરી, મુખ્યમંત્રી કાર્યાલય અને પ્રદૂષણ બોર્ડમાં અસંખ્ય રજૂઆતો કરવા છતાં પ્રદૂષણ નિયંત્રણ માટે કોઈ નક્કર પગલાં લેવાયા નથી. ઉલટાનું, સ્થાનિક લોકોની રજૂઆતોને દબાવી દેવાના પ્રયાસો થતા હોવાના આક્ષેપો પણ થઈ રહ્યા છે.

આ અન્યાય અને તંત્રની ઘોર નિષ્ક્રિયતા સામે લડત આપવા માટે આખરે અરજદારે ન્યાયની આખરી આશા સાથે આંદોલનનું શસ્ત્ર ઉગામ્યું છે. જો આ પ્રદૂષણ તાત્કાલિક બંધ કરવામાં નહીં આવે અને જવાબદાર કંપની સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં નહીં આવે, તો આમરણાંત ઉપવાસ આંદોલન શરૂ કરવામાં આવશે, જેની તમામ જવાબદારી શાસન, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને સ્થાનિક વહીવટી તંત્રની રહેશે તેમ યાદીના અંતમાં જણાવવામાં આવ્યું છે.

ઉલ્લેખનિય છે કે, આ અરજીની નકલ જી.પી.સી.બી. જામનગર, કલેક્ટર દેવભૂમિ દ્વારકા, મુખ્યમંત્રી શ્રી, ગૃહમંત્રી શ્રી, મામલતદાર, તેમજ રાષ્ટ્રપતિ શ્રી અને મીડિયા સંગઠનો સહિત ૧૫થી વધુ ઉચ્ચ સત્તાધિશોને યોગ્ય ન્યાય અર્થે મોકલી આપવામાં આવી છે.

# કલ્યાણપુરના રણજીતપુર ગામેથી જુગાર રમતા મહિલાઓ સહિત સાત ઝડપાયા




**સમય સંદેશઃ કલ્યાણપુર**

કલ્યાણપુર વિસ્તારમાં અહીંની સ્થાનિક ગુના શોધક શાખાના ઈન્ચાર્જ પી.આઈ. એન.એચ. જોશી તેમજ તેમની ટીમ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં કલ્યાણપુર પંથકમાં પેટ્રોલિંગ દરમિયાન પીઠાભાઈ ગોજીયા અને જયપાલસિંહ જાડેજાને મળેલી બાતમીના આધારે રણજીતપુર ગામની સીમ વિસ્તારમાં જાહેરમાં ગંજીપત્તા વડે જુગાર રમી રહેલા ઈસ્માઈલ થૈયમ, અહેમદ ચાવડા, હુશેન ચાવડા, રહેમતબેન મંધરા, હુશેનાબેન થૈયમ, સોનબાઈ મંધરા અને બિંદુબેન મનીષભાઈ સરપદડીયા નામના સાત પત્તાપ્રેમીઓને ઝડપી લેવામાં આવ્યા હતા. આ જુગાર દરોડામાં પોલીસે રૂ. ૪૭,૨૦૦ ની રોકડ રકમ તથા રૂ. ૧૦,૫૦૦ કિંમતના ત્રણ મોબાઈલ ફોન અને રૂપિયા ૭૫ હજારની કિંમતની ત્રણ મોટરસાયકલ મળી કુલ રૂપિયા ૧,૩૨,૮૦૦ નો મુદ્દામાલ કબજે કરી, જુગારધારાની કલમ હેઠળ ધોરણસર કાર્યવાહી કરવામાં આવી હતી.

# જામનગરના રાજપાર્કમાં ઘરમાં ચાલતો મહિલા સંચાલિત જુગારનો અખાડો ઝડપાયો

## પાંચ મહિલા સહિત આઠ આરોપી પકડાયાઃ ૧.૮૮ લાખનો મુદ્દામાલ કબ્જે


તસવીરઃ હિરેન ગાંધી





**સમય સંદેશઃ જામનગર**

જામનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચના સ્ટાફને બાતમી મળી હતી કે શહેરના રાજપાર્ક રંગમતી શેરી નંબર-૩ માં સાંઇકૃપા પ્રોવિઝન સ્ટોરન બાજુમાં રહેતી સરોજબેન અશ્વિનભાઇ પંડ્યા નામની મહિલા પોતના રહેણાંક મકાને અંગત ફાયદા માટે નાલ ઉઘરાવી બહારથી માણસો બોલાવી જુગારનો અખાડો ચલાવી રહી છે.

આ ચોક્કસ બાતમીના આધારે એલસીબીની ટીમે રાજપાર્ક વિસ્તારમાં દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન જુગાર રમી રહેલી મકાન માલિક મહિલા સહિત ભરતભાઇ કરમશીભાઇ ચોપડા (ઉ.વ.૩૨, રહે.ગોકુલનગર રામનગર શેરી નં.૮ જામનગર), જયરાજસિંહ વનરાજસિંહ ગોહીલ (ઉ.વ.૩૨, રહે.સત્યમ કોલોની ઓસવાળ-૩ જામનગર), ક્રિપાલસિંહ પ્રકાશસિંહ જાડેજા (ઉ.વ.૩૨, રહે.અંધાઆશ્રમ આવાસ કોલોની બ્લોક નં.૨૧ રૂમ નં.૧૦ જામનગર), નલીનીબેન બાબુભાઈ કોટડીયા (રહે.વસંત વાટીકા શેરી નંબર ૪ રણજીતસાગર રોડ જામનગર), આશાબેન કેશુભાઈ મોઢવાડિયા (રહે.અંધાઆશ્રમ આવાસ બ્લોક નંબર ૩૪ રૂમ નંબર ૧૦ જામનગર), આનંદબા રાજેન્દ્રસિંહ ઝાલા (રહ.મચ્છુનગર આશાપુરા માતાજીના મંદિરની સામે જામનગર), સતીબેન હરીશભાઈ ચાવડા (રહે.ગોકુલનગર શ્યામનગર શેરી નંબર-૬ જામનગર) નામના પાંચ મહિલા સહિત આઠ જુગારીઓ પોલીસ ઝપટે ચડ્યાં હતાં.

દરોડા દરમિયાન પોલીસે ઝડપાયેલા તમામ પાસેથી રૂા.૭૨,૫૦૦ ની રોકડ રકમ, રૂા.૩૫,૫૦૦ ની કિંમતના આઠ મોબાઇલ ફોન, રૂા.૮૦,૦૦૦ ની કિંમતના બે મોટરસાઇકલ મળી કુલ રૂા.૧,૮૮,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી તમામ સામે જુગારધારાની કલમ હેઠળ ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ કાર્યવાહી પીઆઇ વી.બી.ચૌધરીના માર્ગદર્શન મુજબ પીએસઆઇ એમ.વી.ભાટિયા તથા સ્ટાફના હરપાલસિંહ સોઢા, નાનજીભાઇ પટેલ, ભારતભાઇ પટેલ, શરદભાઇ પરમાર, દિલીપભાઇ તલવાડિયા, હિતેન્દ્રસિંહ જાડેજા, અરજણભાઇ કોડિયાતર, મયુદીનભાઇ સૈયદ, ક્રિપાલસિંહ જાડેજા, નિર્મળીસંહ જાડેજા, ઘનશ્યામભાઇ ડેરવાળિયા, યુવરાજસિંહ ઝાલા, ભયપાલસિંહ જાડેજા, ભરતભાઇ ડાંગર,

અનુ પાના નં.૨ પર

# ૧૨ વર્ષથી ફરાર જામનગરનો ગેંગરેપ-લૂંટનો આજીવન કેદનો પાકો આરોપી સાબરમતીથી ઝડપાયો

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના ચકચારી ગેંગરેપ અને લૂંટ કેસમાં આજીવન કેદની સજા પામેલો આરોપી પારસ ઉર્ફે ધોરિયો મોહનલાલ, જે છેલ્લા ૧૨ વર્ષથી પેરોલ જમ્પ કરીને ફરાર હતો, તેને પોલીસે ઝડપી પાડ્યો છે. જામનગર કઈઇ અને પેરોલ ફર્લો સ્ક્વોડે અમદાવાદના સાબરમતી રેલવે સ્ટેશન ખાતેથી તેની ધરપકડ કરી.

આ સમગ્ર મામલો વર્ષ ૨૦૧૨માં જામનગરના લાલવાડી વિસ્તારમાં બનેલા ગેંગરેપ અને લૂંટના ગંભીર ગુના સાથે સંબંધિત છે. આ ગુનામાં પારસ ઉર્ફે ધોરિયો મોહનલાલ, રામચરણ ઉર્ફે મંગલરામ અને દીપક ઉર્ફે કાલો ફંચિયા નામના ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૪માં અદાલતે આ






તસવીરઃ હિરેન ગાંધી

ત્રણેય આરોપીઓને આજીવન કેદની સજા ફટકારી હતી. સજા થયા બાદ, આરોપી પારસ ઉર્ફે ધોરિયો મોહનલાલે ૧૦ ઓગસ્ટ, ૨૦૧૪ના રોજ માત્ર ૪ દિવસના વચગાળાના જામીન મેળવ્યા હતા. જોકે, પેરોલની મુદત પૂરી થયા પછી તે જેલમાં હાજર થયો ન હતો અને ત્યારથી ફરાર હતો.

પેરોલ જમ્પ કરનારા આરોપીઓને પકડવા માટે જામનગર કઈઇ પી.આઈ. વી.બી.ચૌધરી અને પી.એસ.આઈ. ભાટિયાના માર્ગદર્શન હેઠળ સુરેશભાઈ, ધર્મેન્દ્રસિંહ, દિલીપસિંહ અને લગધીરસિંહ સહિતની ટીમે સઘન તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે આરોપી પોતાની ઓળખ છુપાવવા

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં પ્રોહિબિશન ડ્રાઈવઃ LCB અને સિટી પોલીસના જુદા જુદા ૪ સ્થળે દરોડા, રૂા. ૧.૪૪ લાખથી વધુના મુદ્દામાલ સાથે બે શખ્સો ઝડપાયા

## ગોવા કનેક્શન ખુલ્યુંઃ ગોકુલનગરમાં મહિલાના મકાન સહિત ત્રણ સ્થળે રેડ, દારૂ સપ્લાય કરનાર સહિત ત્રણ શખ્સોને ફરાર જાહેર કરી શોધખોળ શરૂ


તસવીરઃ હિરેન ગાંધી



**સમય સંદેશઃ જામનગર**

જામનગર અને સિટી પોલીસ દ્વારા અલગ-અલગ ૪ સ્થળોએ પાડવામાં આવેલા દરોડામાં કુલ રૂા. ૧.૪૪ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે, જેમાં બે શખ્સોની ધરપકડ કરાઇ છે અને ગોવા કનેક્શન સહિત ત્રણ ફરાર આરોપીઓની શોધખોળ શરૂ છે.

પ્રથમ દરોડામાં, જામનગર એલસીબીની ટીમે સુભાષબ્રિજ નજીક હર્ષદ લોજ સામેથી દ્વારકાના ભીરાણા ગામના હેમુભા ઉર્ફે હેમરાજ રણધીરભા નાયાણીને રૂા. ૧૩,૨૦૦ ની કિંમતની ૬૦ ઈંગ્લીશ દારૂની બોટલો અને એક મોબાઇલ મળી કુલ રૂા. ૧૮,૫૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો; જેની પૂછપરછમાં દારૂ સપ્લાય કરનાર ગોવાના મડગાવના ગોપાલ શાહુનું નામ ખુલતા તેને પકડવા તપાસ લંબાવી છે. એલસીબી પીઆઇ વી.બી.ચૌધરીના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એમ.વી.ભાટિયા અને સમગ્ર સ્ટાફે આ સફળ કામગીરી પાર પાડી હતી.

બીજી તરફ, શહેરમાં વધતા દારૂના દૂષણ સામે પોલીસે અન્ય ત્રણ સ્થળોએ પણ સપાટો બોલાવ્યો હતો. શાંતીનગર શેરી નં. ૦૭ માંથી શક્તિસિંહ ધીરૂભા જાડેજાને રૂ. ૬૨,૪૦૦ ની કિંમતના ૨૦૮ નંગ દારૂના ચપલા સાથે પકડી પાડી, આ કેસમાં સંડોવાયેલા નાઘેડીના રામકો મેરને ફરાર જાહેર કરાયો છે. જ્યારે સિટી બી ડિવિઝન પોલીસે રાજપાર્કના ઢાળીયા પાસેથી મયુર ભરતભાઇ રાઠોડને રૂ. ૧૫,૦૦૦ ની કિંમતની ૧૨ બોટલ દારૂ અને સ્કૂટર સહિત કુલ રૂ. ૪૭,૬૦૦ ના મુદ્દામાલ સાથે દબોચી લીધો હતો અને દારૂ સપ્લાય કરનાર રાજા સીંધીને ફરાર જાહેર કર્યો છે.

આ ઉપરાંત, ગોકુલનગરની લહેરી પાન વાળી ગલીમાં ભારતીબા હેમંતસિંહ કેર નામના મહિલાના રહેણાંક મકાન પર બાતમીના આધારે રેડ પાડી રૂ. ૬,૧૩૪ ની કિંમતની ૧૦ બોટલ દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો, જો કે મહિલા બુટલેગર હાજર ન મળી આવતા પોલીસે તમામ પકડાયેલા અને ફરાર આરોપીઓ વિરૂદ્ધ પ્રોહિબીશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રણુજા પાટીયા પાસે કાર અને બાઈક અથડાતા ગ્રામરક્ષક દળમાં ફરજ બજાવનાર આધેડનું મોત

**સમય સંદેશઃ લાલપુર**

લાલપુર વિભાગમાં ગ્રામ રક્ષક દળમાં ફરજ બજાવતા અને લાલપુર તાલુકાના સણોસરી ગામે રહેતા નાથાભાઈ હાજાભાઈ સાગઠિયા (ઉ.વ.૫૮) પોતાનું મોટર સાયકલ લઇ બેંકનું કામ પૂર્ણ કરી ઘરે પરત જતા હતા.

ત્યારે તા. ૨૦ જૂનના રોજ લાલપુરથી ભણગોર ગામ તરફ જતા રણૂજાધામ મંદિરના પાટીયા પાસેથી પસાર થઈ રહ્યા હતા. આ વેળાએ કાળ બનીને આવેલી કારના ચાલકે બેફામ સ્પીડે કાર ચલાવી બાઇકને પાછળથી ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો.

જેમાં બાઇક ચાલક નાથાભાઈ ફંગોળાયને આરોપીના કારના કાચ સાથે ભટકાય નીચે પડ્યા હતા. માથામાં ગંભીર ઇજા થતા નાથાભાઈને ૧૦૮ મારફતે લાલપુરની સરકારી હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યાં તેનું મોત થયાનું ફરજ પરના તબીબે જાહેર કર્યું હતું. અકસ્માત મામલે મૃતકના પુત્ર રાજેશભાઈની ફરિયાદના આધારે લાલપુર પોલીસે આરોપી કાર ચાલક સામે ગુનો નોંધી તપાસ આગળ ધપાવી છે.

# જામકલ્યાણપુર નજીક ટ્રક અકસ્માતમાં યુવાનનું મૃત્યુ

**સમય સંદેશઃ કલ્યાણપુર**

**ગમખ્વાર**

કલ્યાણપુર તાલુકાના ભાટિયા ગામે રહેતા ભરતભાઈ જીવાભાઈ કણજારીયા નામના ૩૮ વર્ષના સતવારા યુવાન ગત તારીખ ૧૮ જૂનના રોજ રાત્રિના સમયે તેમના જી.જે. ૩૭ ટી. ૬૭૩૦ નંબરના ટ્રકમાં બેસીને જઈ રહ્યા હતા. ત્યારે નજીકના હાઈવે માર્ગ પર પૂરઝડપે અને બેફિકરાઈપૂર્વક જઈ રહેલા આ ટ્રકના ચાલક ભરતભાઈ કણજારીયાનો ટ્રક રોડની એક બાજુ પલટી ખાઈ જતા ભરતભાઈને શરીરે ગંભીર ઇજાઓ થતાં તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગે કલ્યાણપુર પોલીસે મૃતકના મોટાભાઈ દિનેશભાઈ જીવાભાઈ કણજારીયા (ઉ.વ. ૩૯)ની ફરિયાદ પરથી મૃતક ટ્રકના ચાલક ભરતભાઈ જીવાભાઈ કણજારીયા સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની કાર્યવાહી કરી હતી.

# મીઠાપુર નજીક કારની ઠોકરે ઈજાગ્રસ્ત બાઈક સવાર વૃધ્ધાનું કરૂણ મૃત્યુ

**સમય સંદેશઃ મીઠાપુર**

દ્વારકા તાબેના આંબેડકર નગર વિસ્તારમાં જૂની નગરપાલિકા પાછળ રહેતા સામતભાઈ સીયાભાઈ ચાનપા નામના ૫૧ વર્ષના આધેડ ગત તારીખ ૨૨ મે ના રોજ તેમના માતા જેઠીબેન સીયાભાઈ ચાનપા (ઉ.વ. ૭૬) ને સાથે લઈને તેમના જી.જે. ૩૭ એમ. ૪૮૭૦ નંબરના મોટરસાયકલ પર જઈ રહ્યા હતા. ત્યારે મીઠાપુર નજીક આવેલા ભીમરાણા ગામના પુલથી નીચે ઉતરતી વખતે આ માર્ગ પર પૂરઝડપે અને બેફિકરાઈપૂર્વક આવી રહેલી મહારાષ્ટ્ર પાસિંગની એક મોટરકારના ચાલકે ફરિયાદી સામતભાઈના મોટરસાયકલ સાથે અકસ્માત સર્જ્યો હતો.

આ અકસ્માતમાં બાઈક ચાલક સામતભાઈને ફ્રેક્ચર સહિતની નાની મોટી ઈજાઓ થવા પામી હતી. આ ઉપરાંત તેમના માતા જેઠીબેનને પણ માથાના ભાગે તેમજ હાથમાં ઇજાઓ થતાં તેમને જરૂરી સારવાર આપવામાં આવી હતી અને તેમના ઘરે ચાલુ સારવાર

અનુ પાના નં.૨ પર

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com